RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 Issue : 272 Dt. 17-04-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## સરકારે જ ગુનાહિત બેદરકારી દાખવનારાઓ સામે તાકીદે કડક સજા કરવી જોઈએ

## TRPમાંથી ન લીધો બોધ

# તંત્ર વાહકોના પાપે 4 નિર્દોષોની બલી

## દર વખતે નવા નાકે દિવાળી

## માત્ર આર્થિક સહાય જાહેર કરી દેવાથી તંત્રની નિષ્ક્રિયતા પર પડદો ન જ પડે

રાજકોટ, તા. ૧૬

ટીઆરપી અગ્નિકાંડને હજુ એક વર્ષ પણ થયું નથી ને ત્યાં ફરી એક સર્મસાર ઘટના ઘટી જેમાં મહાનગરપાલિકાની આરઆરએલ એજન્સી ની સીટી બસ એ ચાર માસુમ લોકોનો જીવ લઈ લીધો.

રાજપથ પ્રાઈવેટ લિમિટેડ એજન્સી મનપામાં કોન્ટ્રાક્ટ બેઝ પર સિટી બસની સર્વિસ પુરી પાડી રહી છે. એટલું જ નહીં ભૂતકાળમાં પણ આ એજન્સી અનેક વખત વિવાદોમાં સપડાયેલી જોવા મળી છે ત્યારે હાલ જે ઘટના ઘટી તે હૃદય કંપાવે તેવી છે તેમાં પણ જ્યારે તંત્ર પોતાના પર ન આવે અને કોઈ એવો મુદ્દો ન ચર્ચાય તેને ધ્યાને લઈને મૃતકો અને ઈજાગ્રસ્તોને આર્થિક સહાય જાહેર કરી દેવાની યોજના બનાવી હતી પરંતુ આ નિમ્ભર તંત્ર કેદી સંબંધ છે કે માત્ર આર્થિક સહાય આપવાથી કોઈ પરિવાર માં જે દુઃખના ડુંગરો પડ્યા હોય તે સમી ન શકે. આ ઘટનાને લઇ અનેક પ્રશ્નો તંત્રની કામગીરી સમક્ષ પણ ઊભા થયા છે પરંતુ આ તંત્ર ત્યારે જ ડાહી વાત કરે કે જ્યારે આ પ્રકારની કોઈ ઘટના ઘટે. ત્યારે ગઈકાલે જે ઘટના ઘટી તે ઘણા ખરા પ્રશ્નો ઉભા કરી જાય છે. રાજકોટના ઈન્દિરા સર્કલના ટ્રાફિક સિગ્નલ પર આરઆરએલની ઊર ૫૨ નંબરની સીટી બસ બેકાબુ બની રસ્તા પર ઉભેલા વાહનચાલકોને કચડી નાખ્યા હતા. જેમાં ત્રણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો છે.આ ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા એકત્રિત થયા હતા. લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો .

સાંત્વના આપવાની સાથોસાથ ખરેખર સ્થાનિક પ્રશાસને એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે કે આ પ્રકારની દુર્ઘટના આગામી સમયમાં ન ઘટે તે માટે ક્યાં પ્રકારના પગલાં લેવા જોઈએ અને જે નિર્ણય લેવામાં આવે તેની ચોક્કસ અને ચુસ્ત અમલવારી કરવી ફરજિયાત કરવી જોઈએ. જો આ કરવામાં તંત્ર સફળ થશે તો જ આ પ્રકારની દુર્ઘટનાઓનો અંત આવશે નહીંતર નહીં. ધારાસભ્ય સહિત ભાજપ તથા વિપક્ષના પદાધિકારીઓ સ્થળ મુલાકાત કરી સાંત્વના આપી દે તેનાથી તેમની કામગીરી પૂર્ણ થતી નથી આ કિસ્સામાં ચોક્કસ અને નક્કર કામગીરી એ જ કરી ગણાય કે જેમાં જે ઘટના ઘટી તે કયા કારણસર ઘટી અને શું કામ કેમ ટ્રાફિક ઈન્સ્પેક્ટર દ્વારા બસ તપાસ કરવામાં આવી ન હતી. શું જ્યારે બસ તેના નિયત જગ્યાથી બહાર નીકળી ત્યારે તેના તમામ પાર્ટ્સ બરોબર કાર્ય કરે છે કે કેમ તે અંગે તું તપાસ કરવા બાવીતી આ મુદ્દે જો યોગ્ય અને તટસ્થ તપાસ થાય તો જ મૃતકોને સાચો ન્યાય મળી શકે અને ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન ઘટે.

સીટી બસ ચાલક શિશુપાલસિંહ જે બસ ચલાવતો હતો તે બેકાબૂ બની હતી કંડકટરના જણાવ્યા અનુસાર બ્રેક ફેલ થયાના કારણે બસ બેકાબૂ બની હતી.સિગ્નલ પર ઉભા રહેલા વાહનચાલકોને બેકાબુ બસે અડફેટે લીધા હતા. જેમાં ત્રણ નિર્દોષ જિંદગી એ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ ઘટનાથી શહેરમાં ભારે આક્રંદ છવાયો છે. એજન્સીની બેદરકારીના કારણે ત્રણ લોકોના મોત થવાથી પ્રજામાં આક્રોશ જોવા મળી રહ્યો છે.રાજપથ પ્રાઈવેટ લિમિટેડ એજન્સી વારંવાર વિવાદોમાં સપડાય છે.છતાં પણ કોની મીઠી નજર હેઠળ આ એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવતો નથી.લોકો વારંવાર સીટી બસની અડફેટે આવશે અને જીવ ગુમાવતા રહેશે તંત્ર આ ખાડા કામ કરીને બેઠું રહેશે લોકમુખે સવાલો ઉઠી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે,રાજકોટ હાદસાઓનું શહેર બનતું જાય છે. કયાંક આગ દુર્ઘટનામાં નિર્દોષ જિંદગીઓ ભુંજાય છે. તો કયાંક બેદરકારીના કારણે માસુમ જિંદગીઓનો ભોગ લેવાય રહ્યો છે. આરઆરએલ એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવા સુધી તંત્રના અધિકારીઓ તૈયારીઓ બતાવી રહ્યા છે. પરંતુ જે માસુમ જિંદગીઓનો ભોગ લેવાયો છે તેમના પરિવાર માથે જે આભ ફાટ્યું છે.એની કોઈ ભરપાઈ થઈ શકે નહીં. તંત્રએ ભોગ બનનાર વ્યક્તિઓને વધુને વધુ વળતર આપવાની જવાબદારી લીધી છે.આ પ્રકારની દુર્ઘટનામાં જવાબદાર વ્યક્તિઓ પર કડકમાં કડક કાર્યવાહી તંત્ર કરશે ત્યારે જ પ્રજાને સંતોષ મળશે. તંત્ર દ્વારા માત્ર તૈયારી બતાવી ને જો સાંત્વના આપવાની વાત થતી હોય તો આ પ્રકારની ઘટના ઉતરોતર બનતી રહેશે.

ગુજરાતના રાજકોટ શહેરમાં બુધવારે સવારે ટ્રાફિક સિગ્નલ પર સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત એક ઝડપી ઈલેક્ટ્રિક બસે અનેક વાહનો અને રાહદારીઓને ટક્કર મારતા ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા હતા. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને આ ઘટનામાં મૃતકોને ૧૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. બસ ડ્રાઈવર પણ ઘાયલ થયો હતો અને હાલમાં તે હોસ્પિટલમાં દાખલ છે અને તેના પર બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટના બુધવારે સવારે ઈન્દિરા સર્કલ પર બની હતી, જ્યારે બસ ડ્રાઇવરે ટ્રાફિક સિગ્નલ પર બસ રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ છે. વાહને રોકાતા પહેલા અનેક ટુ-વ્હીલર્સને ટક્કર મારી હતી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઝોન-૨) જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, ‘‘આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે - બે પુરુષો અને બે મહિલાઓ. બે અન્ય મહિલાઓ અને એક પુરુષ ઘાયલ થયા છે. અમે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો છે. બસ જપ્ત કરવામાં આવી છે અને અમે આરટીઓને યાંત્રિક તપાસ કરવા વિનંતી કરી છે. અમે ડ્રાઇવરના લોહીના નમૂના પણ લીધા છે જેથી તે જાણી શકાય કે તે દારૂ કે ડ્રગ્સના નશામાં હતો કે નહીં.

પ્રારંભિક અહેવાલો અનુસાર, ડ્રાઇવર ટ્રાફિક સિગ્નલ પર બ્રેક લગાવવામાં અસમર્થ હતો, ડીસીપીએ જણાવ્યું હતું. અમે કારણની તપાસ કરી રહ્યા છીએ. અધિકારીઓએ વાહનની યાંત્રિક તપાસ અને ડ્રાઇવરનો ટોક્સિકોલોજિકલ ટેસ્ટ સહિત વ્યાપક તપાસ શરૂ કરી છે. પ્રાદેશિક પરિવહન કાર્યાલય બસની વિગતવાર તપાસ કરી રહ્યું છે. મૃતકોની ઓળખ રાજુ ગીડા, સંગીતા નેપાળી, કિરણ કક્કર અને ચિન્મય ભટ્ટ તરીકે થઈ છે. ઘાયલોમાં સૂરજ રાવલ, વિશાલ મકવાણા અને વિરાજબા ખાચરનો સમાવેશ થાય છે.એવું કહેવાય છે કે ગુસ્સે ભરાયેલા ટોળાએ બસ ડ્રાઇવર શિશુપાલ સિંહ રાણાને માર માર્યો હતો, જેના કારણે તે ઘાયલ થયો હતો. બાદમાં તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ટોળાએ બસમાં પણ તોડફોડ કરી હતી. રાજકોટમાં સિટી બસ અને ઇછ્ઠજ સેવાઓ ચલાવતી રાજકોટ રાજપથ લિમિટેડના જનરલ મેનેજર પરેશ અઢિયાએ જણાવ્યું હતું કે, ‘‘કંડકટરના નિવેદન મુજબ, બ્રેક ફેલ થઈ ગઈ હતી અને ડ્રાઈવર બસને કાબૂમાં રાખી શક્યો ન હતો. પોલીસે વાહન જપ્ત કરી લીધું છે.









### કાયદાકીય પગલા લેવાની કરાઈ જાહેરાત

આ પ્રકારની જ્યારે દુર્ઘટના ઘટે તે સમયે તંત્ર એક જ વસ્તુ હર હંમેશ બોલતું હોય છે કે આ ઘટના ઉપર જે કોઈ જવાબદાર હશે તેના પર કાયદાકીય પગલા લેવામાં આવશે પરંતુ વાસ્તવિકતા તો એ છે કે એ વાત કહેવાની નથી. ખરા અર્થમાં કરવાની છે આજે અગ્નિકાંડ જેવી આટલી મોટી દુર્ઘટના ઘટી તેમાં કોના પર તપાસ નિષ્પક્ષ રીતે કરવામાં આવી તે લોકો પ્રશ્ન પૂછી રહ્યા છે એટલું જ નહીં મુદ્દો જ જાણે ડાયવર્ટ કરી દેવામાં આવ્યો હોય તેવું પણ લોકો કહી રહ્યા છે ત્યારે ગઈકાલે ઘટેલી દુર્ઘટનામાં ખરી વાસ્તવિકતા શું હતી તેના પર યોગ્ય પ્રકાશ પાડવામાં આવે તે ખૂબ જરૂરી છે નહીંતર મૃતકોની આત્મા કહેશે કે અમારો શું હતો વાંક

### બ્રેક ફેલ થતાં દુર્ઘટના ઘટી : અઢિયા

રાજકોટ રાજપથના જનરલ મેનેજર અઢિયાએ જે નિવેદન આપ્યું તે પણ અત્યંત ચોંકાવનારું છે જેમાં તેઓએ જણાવ્યું કે જ્યારે પ્રાથમિક તપાસ કરવામાં આવી તો બસના કંડકટર દ્વારા કહેવામાં આવ્યું હતું કે બ્રેક ફેલ થઈ ગઈ પરંતુ જો ખરેખર તે વાત સાચી હોત તો બસ આટલા લોકો ને જે અડફેટે લીધા તે ન હોત અને બસ ક્યાંય નહીં ક્યાંય આગળ ચાલી ગઈ હોત પરંતુ એ વાત હજુ સુધી તંત્ર દ્વારા કબૂલવામાં આવી નથી કે બસ ચાલકની ગંભીર ભૂલના કારણે આ દુર્ઘટના ઘટી છે અને ચાર માસુમ હોય પોતાના જીવ ગુમાવ્યા છે ત્યારે ખરા અર્થમાં બસ ચાલક ઉપર કાયદાકીય પગલા નિષ્પક્ષ રીતે લેવામાં આવે તે જ જરૂરી છે અને તેવી માંગ પણ લોકો કરી રહ્યા છે.

### એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવા તંત્રની વાત

હાલ જે ઘટના ઘટી તેમાં મહાનગરપાલિકા જાણે છેડો ફાડી દેવો હોય તેવી વાતો કરી રહી છે અને તે પ્રકારના નિવેદનો કરી રહી છે તેમાં તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ મનપા એજન્સી નો કોન્ટ્રાક્ટ રદ કરવાની વાત કરે છે પરંતુ સત્ય હકીકત તો એ છે કે શું આ પગલાં ભરવાથી જે આરોપીઓ છે જે દોષિતો છે તેને સજા મળશે કે કેમ માત્ર કોન્ટ્રાક્ટ રદ કરવાથી મૃતકો ની આત્મા શાંત નહીં થાય એટલું જ નહીં જો કોઈ પણ પ્રકારના નક્કર પગલા લેવામાં નહીં આવે તો જેસે થે વેસે જેવી પરિસ્થિતિનું નિર્માણ થશે જે અયોગ્ય છે. મૃતકોની સાથે ઈજાગ્રસ્તોનો શું વાંક.

### કેવી રીતે સર્જાયો હતો અકસ્માત?

રાજકોટના ઈન્દિરા સર્કલ પાસે બેફામ ગતિએ બસ દોડાવી રહેલા સિટી બસ ચાલકે અનેક વાહનો અને ૬ લોકોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ૪ લોકોના મોત નીપજ્યા છે. જ્યારે સુરેશ ધર્મેશભાઈ રાવલ,વિશાલ મકવાણા, વિરાજબા ખાચર, અને બસ-ચાલક શિશુપાલસિંહ રાણાને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં કિરણબેન કક્કડ, ચિન્મયભાઇ, સંગીતાબેન બેલ બહાદુર નેપાળી, (ઉંમર ૪૦) જે બ્યૂટી પાર્લરમાં નોકરી કરે છે અને રાજુભાઈ મનુભાઇ ગીડા (ઉંમર ૩૫) જેઓ રાજકોટ મહાનગરપાલિકામાં ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે તેમનો સમાવેશ થાય છે. અકસ્માતની દુર્ઘટનામાં મૃત્યું પામેલા લોકોના પરિવારજનોને ૧૫ લાખ અને ઈજાગ્રસ્તોને ૨ લાખની સહાય આપવાની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જોકે અકસ્માતની ઘટના બાદ લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને લોકોએ કાયદાને હાથમાં લેતાં બસમાં તોડફોડ મચાવી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. હાલમાં પોલીસને જાણ કરવામાં આવતા ઘટનાસ્થળે કાફલો દોડી આવ્યો અને લાઠીચાર્જ કરીને લોકોના ટોળાને વિખેર્યું હતું.

### બસ ચાલકનું લાયસન્સ પણ થઈ ગયું હતું એક્સપાયર

આતો મનપાની કેવી કમનસીબી કહેવાય કે જે બસ ચાલક દ્વારા અકસ્માત સર્જવામાં આવ્યો તેનું લાઈસન્સ પણ એક્સપાયર થઈ ચૂક્યું છે. છતાં આ અંગે મનપા તંત્રને કોઈપણ પ્રકારની જાણ ન હોવાની જે વાત કહેવામાં આવી રહી છે તે પણ સંપૂર્ણ પણે પાયાવિહોણી છે. ખરા અર્થમાં તો કાયદાકીય પગલાં આ બસ ચાલક સામે લેવા જોઈએ અને એ જવાબદાર અધિકારીને પણ બક્ષવામાં આવો ન જોઈએ કે જે નિયમિત તપાસ કરતા હોય છતાં આંખ આડા કાન કરવામાં આવે. ત્યારે લોકો પૂછી રહ્યા છે કે જે ચાર લોકોનો જીવનદીપ બુઝાયો તેની પાછળ આ જવાબદાર બસ ચાલક વિરોધ કયા પ્રકારના પગલા લેવામાં આવશે કે પછી આ મુદ્દાને ઢાંકી દેવામાં આવશે ? આ અંગે રાજકોટ શહેર પોલીસના ડીસીપી ઝોન ટુ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે હાલ બસ ચાલકના લોહીના સેમ્પલ લેવામાં આવ્યા છે જેના રિપોર્ટ આવ્યા બાદ માલુમ પડશે કે તે નશાની હાલતમાં હતો કે કેમ પરંતુ બ્રેથએનેલાઈસરના માધ્યમથી માલુમ પડ્યું કે તે નશાની હાલતમાં ન હતો. એટલું જ નહીં સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ હાલ ગુનો પણ નોંધવામાં આવ્યો છે.

## મહિલાએ મકાન બની જાય તો માનતા પુરી કરશે એવુ કહેલુ પણ મકાન બન્યા પછી માનતા પુરી કરી ન શકતાં ભુવાનો પુત્ર ઘરે પહોંચી ગયોઃ પતિ-પત્નિ જેવા સંબંધ રાખવા પડશે કહી દેહ પીંખ્યો

# પતિને મેલી વિદ્યાથી મારી નાખવાની ધમકી આપી પરિણીતા સાથે બળાત્કાર

## મહિલા સાથે ભુવાના પુત્રએ સતત ડરાવી ધમકાવી વારંવાર બળજબરી આચરીઃ અંતે ભાંડો ફૂટતાં પોલીસની કાર્યવાહી

રાજકોટઃ કહેવાતા ભુવાઓ દ્વારા વિધીના નામે મહિલાઓના શોષણ કરવાની ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. આવો જ વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં એક ભુવાના દિકરાએ મકાન બની ગયાની માનતા પુરી ન કરનાર પરિણીતાના પતિને મેલી વિદ્યાથી મારી નાખવાની ધમકી દઈ તેની સાથે દૂષ્કર્મ આચરી લેતાં ચકચાર મચી ગઈ છે. છ મહિનામાં અવાર-નવાર બળજબરી આચરવામાં આવી હતી. સમગ્ર કિસ્સો પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ થઈ છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરાના શિનોર તાલુકાના માંજરોલ ગામના ભૂવાના પુત્રએ માનતા પૂરી ન કરનાર યુવાન પરિણીતાને પતિને મેલી વિદ્યા કરીને મારી નાખવાની ધમકી આપીને અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ શિનોર પોલીસ મથકમાં નોંધાઈ છે. પોલીસે મહિલાની ફરિયાદના આધારે આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. મળેલી માહિતી પ્રમાણે શિનોર તાલુકાના માંજરોલ ગામમાં જયદીપ કાળુ ઉર્ફે કાંતિ રાવજી પાટણવાડીયા પરિવાર સાથે રહે છે. તેના પિતા રાવજી પાટણવાડીયા ભૂવા-જાગરીયાનું કામ કરે છે અને અશિક્ષિત-અંધશ્રદ્ધાળુ લોકોને ગેરમાર્ગે દોરી માનતાઓ રખાવે છે. આ ભૂવા-જાગરીયાના કામમાંથી જે આવક મળે છે તેમાંથી ગુજરાન ચલાવે છે. છ માસ પહેલા એક પરિવારની યુવાન પરિણીતા પોતાનું



મકાન બની જાય તે માટે માંજરોલ ગામમાં ભૂવા-જાગરીયાનું કામ કરતા રાવજી પાટણવાડીયા પાસે ગઈ હતી. જ્યાં તેને પોતાનું મકાન બની જાય તે માટે માનતા રાખી હતી. યોગાનુંયોગ મહિલાનું મકાન બની ગયું હતું, પરંતુ તેણીએ માનતા પૂરી કરી ન હતી. દરમિયાન ભૂવાનો પુત્ર જયદીપ કાળુ ઉર્ફ કાંતિ પાટણવાડીયા મહિલાના ઘરે પહોંચી ગયો હતો અને મહિલાને જણાવ્યું હતું કે, તમે હજી સુધી માનતા કેમ પૂરી કરી નથી? ત્યારે મહિલાએ જણાવ્યું કે, મારા સાસુ આવશે ત્યારે તેમની સાથે વાત કરજો. જો કે, મહિલા કંઈક વિચારે તે પહેલા બદઈરાદે આવેલા જયદીપ કાળુ ઉર્ફ કાંતિએ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. ઘરનો દરવાજો બંધ કરી દીધા બાદ બદઈરાદે આવેલા ભૂવાના પુત્ર જયદીપ કાળુ ઉર્ફ કાંતિ પાટણવાડીયાએ મહિલાને જણાવ્યું કે મારે તમારી સાથે પતિ-પત્નિ તરીકેના સંબંધ બાંધવા પડશે. જો આમ નહીં કરે તો તારા પતિને જાદુ-ટોણા અને મેલીવિદ્યા કરીને મારી નાખીશ. જો કે મહિલા આરોપીને વશ થઈ ન હતી. પરંતુ ચોક્કસ ઈરાદા સાથે આવેલા ભૂવાના પુત્ર જયદીપ કાળુ ઉર્ફ કાંતિએ બળજબરી પૂર્વક મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં જો આ બાબતની કોઈને પણ જાણ કરીશ તો તારા પતિને જાનથી મારી નાખીશ, તેવી ધમકી આપી જતો રહ્યો હતો. આ ઘટના બાદ અવારનવાર ભૂવાનો પુત્ર જયદીપ કાળુ ઉર્ફ કાંતિ પાટણવાડીયા મહિલાના ઘરે પહોંચી જતો હતો અને જાદુ-ટોણા અને મેલી વિદ્યા કરીને પતિને મારી નાખવાની ધમકી આપીને દુષ્કર્મ આચરતો હતો. છેલ્લા છ માસના સમયગાળા દરમિયાન આરોપીએ આઠથી દસ વખત દુષ્કર્મ આચર્યું હતું. ભૂવાના પુત્રની ધમકી અને તેના અત્યાચારથી ત્રાસી ગયેલી મહિલાએ આખરે શિનોર પોલીસ મથકમાં પીએસઆઈ એમ. એસ. જાડેજાનો સંપર્ક કરીને આરોપી જયદીપ કાળુ ઉર્ફ કાંતિ રાવજી પાટણવાડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. શિનોર પોલીસ મથકના પીએસઆઈ એમ. એસ. જાડેજાએ મહિલાની ફરિયાદના આધારે જયદીપ કાળુ ઉર્ફે કાંતિ રાવજી પાટણવાડીયા સામે દુષ્કર્મનો ગુનો દાખલ કરીને તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. માંજરોલ ગામના ભૂવાના પુત્ર દ્વારા આચરવામાં આવેલા દુષ્કર્મના આ બનાવે ભારે ચકચાર જગાવી મૂકી હતી. આ કિસ્સામાં પોલીસે મહિલાની ફરિયાદના આધારે માંજરોલ ગામના ભૂવાના પાંત્રીસ વર્ષિય પરિણીત પુત્ર જયદીપ કાળુ ઉર્ફે કાંતિ રાવજી પાટણવાડીયાની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# સૂચિત પ્લોટમાં ખડકેલા હાઈરાઈઝ બિલ્ડિંગ પર ફર્યું બુલડોઝર

## પોલીસ બંદોબસ્ત સાથે રાખી મહાનગરપાલિકાએ ગેરકાયદે બાંધકામને તોડી પાડ્યું

રાજકોટ, તા. ૧૬

મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાલ સમયાંતરે ગેરકાયદે બાંધકામો ને તોડી પાડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે એટલુ જ નહીં ગઈકાલે નાણાવટી ચોક પાસે આવેલા ગેરકાયદે બાંધકામને પણ તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ હવે છે વલણ મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપનાવવામાં આવ્યું છે તેને જો ગંભીરતાથી ઓળખવામાં આવે તો હવે કોઈપણ બિલ્ડર દ્વારા ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હશે તો તેમાં તેની મનમાની ચલાવવામાં નહીં આવે. એટલુ જ નહીં શહેરના રામાપીર ચોકડી પાસે પાંચ માળનું કોમર્શિયલ બિલ્ડીંગ બિલ્ડર દ્વારા ખડકી દેવામાં આવ્યું હતું જે અંગે એક વખત નહીં અનેક વખત નોટિસો પણ આપવામાં આવી હતી પરંતુ બાંધકામ દૂર ન કરાતા મહાનગરપાલિકાએ પોલીસ બંદોબસ્ત સાથે બિલ્ડીંગના બાંધકામને તોડી પાડવામાં આવ્યું એટલુ જ નહીં જે વિગતો સામે આવી રહી છે તે મુજબ સૂચિત પ્લોટમાં હાયરાઇઝ બિલ્ડીંગ ખડકી દેવામાં આવ્યું હોવાનું પણ બહાર આવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા હેઠળના વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. એટલુજ નહીં મ્યુ. કમિશ્નરના આદેશ અનુસાર મનપાની હદ વિસ્તારમાં આવતા ગેરકાયદે બાંધકામને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ગઈકાલે અરજદાર દ્વારા કરવામાં આવેલ અનઅધિકૃત બાંધકામોને દુર કરવા ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



ગઈકાલે લાભદીપ સોસાયટી, ભગવતી ડેરી ફાર્મ, રામાપીર ચોકથી નાણાવટી ચોક તરફ જતા, ૧૫૦’ રીંગ રોડ, વાણીજ્ય હેતુ ગ્રાઉન્ડ+પાંચ માળ આસામી દ્વારા કબ્જા - વપરાશમાં આવેલ ઉપરોક્ત સ્થળે દર્શાવેલ મિલ્કત પર ગેરકાયદેસર બાંધકામ ધ્યાને આવતા અત્રેથી કલમ-૨૬૦(૧) મુજબની નોટીસ પાઠવવામાં આવી હતી. તેમ છતાં આસામી દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં ન આવતા, ૨૬૦(૨) ની નોટીસ પાઠવવામાં આવી. નોટિસ આપવા છતાં ગેરકાયદેસર બાંધકામ દુર ન થતા આજરોજ સવારથી ગ્રાઉન્ડ+પાંચ માળના અંદાજીત ૨૦૦૦૦ ચો.ફૂટ નું બાંધકામ દુર કરવાની કામગીરી ચાલુ કરેલ છે.

સદર ગેરકાયદેસર બાંધકામને લાગુ રહેણાંક વિસ્તાર હોય, સ્થાનિકે સલામતીના ભાગ રૂપે સેફટીને ધ્યાને લઈ આ બાંધકામ દુર કરવાની કામગીરી મેન્યુઅલી હાથ ધરવામાં આવેલ છે જે અંદાજીત ૧૫ થી ૨૦ દિવસ સુધી ચાલુ રહેશે.આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા, વેસ્ટ ઝોન, આસી. ટાઉન પ્લાનર તથા તમામ આસી. એન્જીનીયર, એડી. આસી. એન્જીનીયર, હેડ સર્વેયર, સર્વેયર અને વર્ક આસિસ્ટન્ટ તેમજ અન્ય જુદી-જુદી શાખાઓ જેવી કે, જગ્યા રોકાણ શાખા, ફાયર વિભાગ, રોશની વિભાગ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ તથા P.G.V.C.L. નો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# કલેકટરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

## ૮૦થી વધુ કેમિસ્ટની દુકાનો પર ગેરકાયદેસર નશાકારક દવાના વેચાણ પર કાર્યવાહી કરતો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ

રાજકોટ તા. ૧૬

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. જેમાં ‘‘ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા‘‘ અભિયાન અન્વયે અવેરનેસ કેમ્પ યોજવા અને કેમિસ્ટની દુકાનોની સમયાંતરે તપાસ કરવા સહિતની જરૂરી સૂચનાઓ અપાઈ હતી.

કલેક્ટર પ્રભવ જોશીએ શાળા-કોલેજ વિસ્તારોમાં પાન-મસાલા, તમાકુ, સિગારેટ કે ડ્રગ્સનું વેચાણ અટકાવવા સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને નક્કર કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ઉપરાંત, રાજકોટ જિલ્લામાં પડતર જમીન પર ગાંજા અને અફીણના છોડનું વાવેતર પર પ્રતિબંધ મુકવા જરૂરી ચર્ચા કરી હતી.

કલેકટરએ ‘‘ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા‘‘ અભિયાન હેઠળ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વધુને વધુ જનજાગૃતિ કેમ્પનું આયોજન કરવા પર ભાર મુક્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાસેથી ૮૦થી વધુ કેમિસ્ટની દુકાનો પર કોડીન, સીરપ, સહિતની ગેરકાયદેસર નશાકારક દવાઓના વેચાણની તપાસ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ બેઠકમાં પોલીસ અધિક્ષક હિમકર સિંહ, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, વિમલ ચક્રવર્તી, આર. આર.ખાંભરા, રાહુલ ગમારા, નાગાજણ તરખલા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન સેરસીયા, એસ. ઓ.જી.ના અધિકારીઓ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ સહિત સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અનુસૂચિત જાતિના યુવાનોને રાષ્ટ્ર સુરક્ષાની સેવામાં જોડાવવાની તક

# યુવાનોને ૭૫ દિવસની તાલીમ આપીને અગ્નિવીર માટે તૈયાર કરાશે

## રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ અપાશે



રાજકોટ, તા. ૧૬

અનુસૂચિત જાતિના યુવાનો રાષ્ટ્ર સુરક્ષાની સેવામાં જોડાઈને પોતાની કારકિર્દી બનાવે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકારની ‘સૂબેદાર રામજી સકપાલ યોજના’ અંતર્ગત અગ્નિવીર પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ભાનૂબેન બાબરીયાના નેતૃત્વમાં આ વર્ષે રૂ. ૫૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

આ યોજનાના સુયોગ્ય અમલીકરણ માટે ગાંધીનગર સ્થિત રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા યુવાનોને ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરાશે.

આ યોજના હેઠળ રક્ષા શક્તિ યુનિવર્સિટી અનુસૂચિત જાતિના પસંદગી પામેલા ૧૫૦ તાલીમાર્થીઓને ૭૫ દિવસ માટે તાલીમ આપવામાં આવશે. આ યોજના હેઠળ તાલીમાર્થીને માત્ર તાલીમ જ નહિ પરંતુ રાજ્ય સરકાર દ્વારા પ્રત્યેક યુવાનને દર મહિને ૧,૦૦૦ રૂપિયા લેખે રૂ. ૨૫૦૦ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે. આ સ્ટાઈપેન્ડની રકમ તાલીમાર્થીના એકાઉન્ટમાં સીધી ઉઇઝ મારફતે ચૂકવવામાં આવશે. અગ્નિવીરમાં ગુજરાતમાંથી સૌથી વધુ યુવાનો સફળ થાય તે માટે સૂબેદાર રામજી સકપાલ યોજના હેઠળ ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષ સુધીના યુવાનોની પસંદગી કરવામા આવશે. આ તાલીમ માટે ઊંચાઈ ૧૬૮ સે. મી., વજન ૫૦ કિલોગ્રામ, છાતી ૭૭+૫ સે.મી.નું શારીરિક લાયકાતનું ધોરણ નક્કી કરાયું છે. આ યોજનાનો લાભ લેવા માટે શૈક્ષણિક ન્યૂનતમ લાયકાત ધો.૧૦ રાખવામાં આવ્યું છે સાથે જ ધોરણ ૧૦માં ઓછામાં ઓછા ૪૫ ટકા હોવા પણ જરૂરી છે. આ માટે અરજીની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન રાખવામાં આવી છે. રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા મળેલી અરજીઓ પૈકી પ્રાથમિક તબક્કે શારીરીક કસોટી તથા લેખિત પરીક્ષા દ્વારા તાલીમાર્થીઓની પસંદગી સંપૂર્ણ પારદર્શીતાથી કરવામાં આવશે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા ‘સૂબેદાર રામજી સકપાલ યોજના’ હેઠળ અનુસૂચિત જાતિના યુવાનોને રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે રહેવા, જમવા, સ્ટાઈપેન્ડ, તાલીમ સહિતની બાબતો માટે રૂ. ૫૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી સમયમાં આ યોજના અંતર્ગત રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા સંપૂર્ણ માર્ગદર્શીકા જાહેર કરવામાં આવશે.

# આજે વિશ્વ હિમોફિલિયા દિવસ

## ૩૧ દર્દીઓથી શરૂ થયેલી યાત્રામાં હાલ સુધીમાં ૭૦૦થી વધુ દર્દીઓની સારવારના સાથી બનતી હિમોફીલિયા સોસાયટી

રાજકોટ, તા. ૧૬

સમગ્ર વિશ્વમાં ૧૭ એપ્રિલના રોજ વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફીલિયા દ્વારા ‘‘વિશ્વ હિમોફીલિયા દિવસ‘‘ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે એસેસ ફોર ઓલઃ વિમેન્સ એન્ડ ગર્લ્સ બ્લિડ ટુ થીમ અન્વયે વિશ્વભરમાં જાગૃતિ સંદેશ આપવામાં આવશે. રાજકોટમાં કાર્યરત હિમોફીલિયા સોસાયટી દ્વારા પણ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.હિમોફીલિયા એ એક પ્રકારનો આનુવંશિક રોગ છે, જેમાં લોહી ગંઠાવાની પ્રક્રિયા ખૂબ જ ધીમી હોય છે. માનવ શરીરના ૧૩ પ્રકારના ઘટકો (પ્રોટીન્સ) પૈકી કોઈ પણ એક પ્રોટીનની ખામીના લીધે રક્તસ્ત્રાવ થાય છે. અસહ્ય દુઃખાવો, વધારે સોજો અને હંગામી કે કાયમી ધોરણે વિકલાંગતાથી પીડાતા હોય છે. સાંધાના રક્તસ્ત્રાવ માટે દર્દી અપંગ ન બને તે માટે નિયમિત ફીઝીયોથેરાપી લેવી પડે છે. જે હિમોફીલિયા સોસાયટીમાં નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે.



દર ૧૦ હજારની વસ્તીએ એક દર્દીને આ રોગ થવાની સંભાવના છે. હિમોફીલિયા વારસાગત ખામી છે. જેની ઓળખ ગર્ભાધાનના શરૂઆતના તબક્કાથી પણ કરી શકાય છે. ગત વર્ષે હિમોફીલિયા દિવસ નિમિત્તે આ જ પ્રકારના પરીક્ષણ માટે રાજકોટના રાજવીશ્રી માધાંતા સિંહજીના અનુદાનથી રાજકુમાર કોલેજ ખાતે સગર્ભાઓના ગર્ભજળના સેમ્પલ લઈને તેના પરીક્ષણ કરવામાં આવ્યા હતા.

હિમોફીલિયા રોગ કેવી રીતે આવે છે, તેને કેવી રીતે અટકાવવો, તેની સારવાર, અને નિદાન માટે હિમોફીલીયા ફેડરેશન ઓફ ઈન્ડિયા ભારત સરકાર સાથે કાર્યરત છે. ભારતભરમાં હિમોફીલિયા સોસાયટીની ૧૦૨ સંસ્થા અને ગુજરાત રાજ્યમાં રાજકોટ, અમદાવાદ, વડોદરા, ભાવનગર, સુરત, મહેસાણા એમ ૬ શહેરોમાં સંસ્થાઓ કાર્યરત છે. જ્યાંથી જાહેર જનતાને ચોક્કસ તથા સચોટ માહિતી, જરૂરી મદદ અને સાથ સહકાર મળી રહે છે. તમારું બાળક હિમોફિલિક હોવાની જાણ થાય કે શંકા હોઈ તો હિમોફીલિયા સોસાયટીનો સંપર્ક કરવો જોઈએ.

વર્ષ ૧૯૯૧માં ૩૮ દર્દીઓ સાથે શરૂ થયેલી રાજકોટ હિમોફીલિયા સોસાયટીમાં આજે ૭૧૮ દર્દીઓની સારવાર કરવામાં આવે છે. સારવાર માટે દર્દીઓના વજનના પ્રમાણમાં ઈન્જેકશનના ડોઝ આપવામાં આવે છે. આ ઈન્જેકશન અતિ ખર્ચાળ હોય છે. આ ઈન્જેકશન જેનેટિક એન્જિનિયર ટેકનોલોજીની મદદથી વિદેશથી આયાત કરવામાં આવે છે, આયાત દરમ્યાન આ દવાઓ જીવન જરૂરિયાત હોવાથી સરકાર ટેક્સ લગાવતી નથી. સરકારશ્રી દ્વારા સામાન્ય સંજોગોમાં પણ દર્દીને અપાતા ત્રીસથી ચાલીસ હજારની કિંમતના ઈન્જેકશન વિનામૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય પ્રોજકટ સેવ વન લાઈફ અન્વયે ૩૧ હિમોફિલિયાના દર્દીઓને દર મહીને ૨૦ ડોલર પ્રતિ દર્દી આપવામાં છે.

અઢી અક્ષરનો પ્રેમ ફળે તો બેડો પાર થઇ જાય, અન્યથા કહાનીમાં એવો ટ્વિસ્ટ આવે કે સૌ ખળભળી જાય

# સાળો યુવતિને ભગાડી જતાં બનેવીને ઉઠાવી રહેંસી નખાયો

## યુવતિના સગાએ આવી ધમકી દીધી-અમારી દિકરી નહિ આવે તો તને ચોવીસ કલાકમાં ઉપાડી લેશું: ધમકી સાચી ઠેરવી હત્યા કરી લાશ નહેરમાં ફેંકી દીધી: મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ

રાજકોટ: અનેક પ્રેમપ્રકરણ એવા હોય છે જેમાં વાત ડખ્ખે ચડી જતી હોય છે. પ્રેમકહાનીમાં અનેક વખતે વાત લોહીયાળ બની જતી હોય છે. અઢી અક્ષરના પ્રેમમાં પડનારા પ્રેમીઓ અનેક વખત સમાજના ડરથી આપઘાત કરી લેતાં હોય છે. અથવા તો તે ભાગી જાય તો પછી તેના પરિવારજનોની હાલત ખરાબ થઇ જતી હોય છે. એક એવી ચોંકાવનારી અપહરણ-હત્યાની ઘટના સામે આવી છે જેમાં એક યુવાન યુવતિને ભગાડી જતાં આ યુવાનના બનેવીનું યુવતિના પરિવારજનો, સગાએ અપહરણ કરી લીધુ હતું. બાદમાં તેની હત્યા કરી લાશ ફેંકી દીધી હતી. ચોંકાવનારી આ ઘટનામાં પોલીસે એફઆ-ઈઆર દાખલ કરી કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ કાપોદ્રા વિસ્તા-રમાં બની છે. અહિ રહેતા શાકભાજીના વેપારીની ઓલપાડ ખાતેથી પાણીની કેનાલમાંથી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા પરિવારે હત્યાની આશંકા વ્યક્ત કરી હતી. જે સાચી પડી હતી. શાકભાજીના વેપારીનો સાળો અન્ય યુવતીને ભગાડી લઈ ગયો હતો.જેથી યુવતીના સંબંધીઓએ દુકાને આવી શાકભાજીમાં વેપારીને ચોવીસ કલાકની અંદર ઉઠ-ાવી લઈ જવાની ધમકી આપી હતી. ત્યારબાદ અપહરણ કરી સાળા અંગે પૂછપરછ કરવા સમયે માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. ત્યારબાદ ઓલપાડમાં કેનાલમાં ફેંકી દીધો હતો. કાપોદ્રા પોલીસે બેની ઘરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ઘરી છે. સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ખોડિયાર નગરમાં રહેતા પ્રમોદ ચૌધરીની ઓલપાડ ખાતેથી પાણીની કેનાલમાંથી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી.




આ ઘટનાની જાણ પરિવારજનોને કાપોદ્રા પોલીસ દ્વારા કરવામાં આવી છે. જેની જાણકારી મળતા પરિવાર અને સમાજના લોકો કાપોદ્રા પોલીસ મથકે પહોંચ્યા હતા. જ્યાં મૃતકની પત્નિ અને પરિવારના સભ્યોએ ભારે કલ્પાંત કર્યો હતો. શાકભાજીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીની શંકાસ્પદ હાલતમાં મળી આવેલી લાશના પગલે પરિવ-ારે હત્યાની આશંકા વ્યક્ત કરી હતી. મૃતકના પરિવાર અને સંબંધીઓના જણાવ્યા અનુસાર, મૂળ બિહારના વતની પ્રમોદ ચૌધરી સુરતના કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ હીરાબાગ સ્થિત ખોડીયાર નગરમાં પોતાની પત્નિ અને બે સંતાનો સાથે રહે છે. જ્યારે અન્ય બાળક વતનમાં પરિવારના સભ્યો જોડે રહે છે. પ્રમોદ ચૌધરી કાપોદ્રા હીરાબાગ વિસ્તારમાં શાકભાજીની દુકાન ધરાવે છે. પ્રમોદ ચૌધરી પોતાની દુકાને હાજર હતા. જે સમય દરમિયાન કેટલાક લોકો ત્યાં આવી ચઢ્યા હતા અને પોતાની દિકરી પાછી ન આવે તો ચોવીસ કલાકમાં પ્રમોદ ચૌધરીને ઉઠાવી લઈ જવાની ધમકી આપી હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ પ્રમોદ ચૌધરીનો સાળો એક યુવતીને ભગાડી લઈ ગયો હતો. જે યુવતીના પરિવા-રજનો પ્રમોદ ચૌધરીની દુકાને આવ્યા હતા. જેમના દ્વારા આ ધાકધમકી આપવામાં આવી હતી. પરંતુ ચોવીસ કલાક થાય તે પહેલા જ પ્રમોદ ચૌધરી એકાએક ગુમ થઈ ગયા હતા. જેથી પરિવારજનો દ્વારા તેની ભારે શોધખોળ કરવામાં આવી હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતા કાપોદ્રા પોલીસને જાણકારી આપવામાં આવી હતી.


પોલીસે મિસિંગ દાખલ કરી તપાસ હાથ ધરી હતી. જોકે સાતમી એપ્રિલના રોજ ગુમ થયેલા પ્રમોદ ચૌધરીને શોધવામાં મળી ન હતી.

શાકભાજીના વેપારીની શોધખોળ દરમિયાન ઓલપાડ ખાતે કરેલી ગામમાં આવેલી નંદની ઈન્ડસ્ટ્રીની પાણીની કેનાલમાંથી પ્રમોદ ચૌધરીની લાશ મળી હોવાની જાણકારી કાપોદ્રા પોલીસે પરિવારને કરી હતી. આમ કાપોદ્રા પોલીસ દ્વારા યોગ્ય તપાસના થતા અંતે વેપારી મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં પરિવારજનોએ વેપારીની હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરી હતી તેના પગલે તપાસ શરૂ થતાં વિગતો સામે આવી હતી કે પ્રમોદ ચૌધરીનું અપહરણ કરી બેફામ માર મારવામાં આવ્યો હતો. એ પછી તે બેભાન થઇ જતાં ફેંકી દેવાયો હતો અને મોત થયું હતું. પોલીસે દિક્ષિત અનીલભાઇ મકવાણા ભાવનગર પાલણીયા તરફ હોવાની બાતમી મળતા પકડી લાવી તેની પુછપરછ કરી હતી. તેણે કબુલ્યું હતું કે પ્રમોદને રાત્રે ઉઠાવી લેવાયો હતો. પોતાની સાથે મોહિત પરવડીયા, તેના મિત્રો કપીલ, જય ઉર્ફે બાવો લઇ ગયા હતા.

તેનો સાળો અને યુવતિ કયા હોવા બાબતે પુછપરછ કરી માર મારતાં તે બેભાન થઇ ગયો હતો. પછી લાશને નહેરમાં નાખી ભાગી ગયા હતાં.વધુ વિગતો મુજબ દીક્ષિત સહિત ચારેય સાથે મળી પ્રમોદની લાશને કારમાં નાખી આશરે સાડા-ચાર વાગ્યે પીપોદરા પાસે આવેલ કેનાલમાં ફેકી દીધો હતો. ત્યારબાદ પોત-પોતાના વતન ખાતે ભાગી ગયા હતા. જેથી કાપોદ્રા પોલીસે મીસીંગમાંથી મર્ડરનો ગુન્હો ડીટેકટ કર્યો અને બે આરોપીઓ નીતેશ ગુફુભાઇ બૈઈઠા (ખોડીયારનગર બરોડાપ્રિસ્ટેજ પાસે કાપોદ્રા સુરતશહેર મુળવતન-બેલાવા તા-નવરનીયા, ચંપારણ બિહાર) અને દક્ષિત અનીલભાઈ મકવાણા (હિરા મજુરી રહે. મકાન નં-૧૫૧ ભાતનીવાડ-1 ખોડીયારનગર રોડ વરાછા સુરત)પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટ જિલ્લામાં ૧૬ થી ૨૦મી એપ્રિલ સુધીમાં હવામાન સુકું, ગરમ અને મોટા ભાગે ચોખ્ખું રહેવાની શક્યતા

# ચાર દિવસ ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચે તેવી આગાહી



રાજકોટ, તા. ૧૬

સમગ્ર રાજ્યમાં હાલ ગરમીનો પ્રકોપ ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં પણ ગરમીનો પારો ઊંચકાય તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. જેમાં રાજકોટમાં ફરી તાપમાન ઊંચકાશે તેવી આગાહી કરવામાં આવી છે. અત્યારે પણ સ્થાનિક લોકોમાં ગરમીને લઈને ઘણા ખરા પ્રશ્નો ઉભા થયા છે પરંતુ હવે જે આગાહી કરવામાં આવી તેનાથી લોકોમાં ફરી ફફડાટ પણ જોવા મળ્યો છે.

રાજકોટ જિલ્લામાં આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની અને હવામાન સુકું, ગરમ અને મોટા ભાગે ચોખ્ખું રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર, ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી-તરઘડીયાની યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં ૧૬ થી ૨૦મી એપ્રિલ સુધીમાં હવામાન સુકું, ગરમ અને મોટા ભાગે ચોખ્ખું રહેવાની શક્યતા છે.

આ સમયગાળામાં મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ તથા લઘુતમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૩ થી ૨૪ ડિગ્રી સે.જેટલું રહેવાની સંભાવના છે. જેમાં ૧૭ તથા ૧૮મી એપ્રિલે મહત્તમ ૪૪ ડિગ્રી, જ્યારે ૧૯ મી એપ્રિલે ૪૩ ડિગ્રી અને ૨૦મી એપ્રિલે ૪૨ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. આ સમયગાળામાં મહત્તમ ભેજનું પ્રમાણ ૭૫-૮૫ જ્યારે લઘુતમ ભેજ ૨૦-૨૦ ટકા રહી શકે છે. પવનની દિશા પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૫થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# જસ્ટિસ ગવઈ બનશે દેશના નવા મુખ્ય ન્યાયાધીશ

## હાલના CJI સંજીવ ખન્ના ૧૩ મેના રોજ થશે નિવૃત ૧૪મેના રોજ લેશે મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ

નવીદિલ્હી, તા. ૧૬

જસ્ટિસ બીઆર ગવઈ દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. તેઓ ૧૪ મેના રોજ મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેશે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના ૧૩ મેના રોજ નિવૃત્ત થશે અને જસ્ટિસ ગવઈ બીજા જ દિવસે કાર્યભાર સંભાળશે. તેઓ દેશના બીજા દલિત મુખ્ય ન્યાયાધીશ બનશે. તેમના પહેલા જસ્ટિસ કેજી બાલકૃષ્ણન પણ મુખ્ય ન્યાયાધીશ રહી ચૂક્યા છે, જેઓ અનુસૂચિત જાતિના હતા. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ બુધવારે જસ્ટિસ બીઆર ગવઈના નામની ભલામણ કેન્દ્ર સરકારને મોકલી હતી. જસ્ટિસ ગવઈનું પૂરું નામ ભૂષણ રામકૃષ્ણ ગવઈ છે. ચીફ જસ્ટિસ ખન્ના પછી તેઓ સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે. તેઓ દેશના ૫૨મા મુખ્ય ન્યાયાધીશ બનશે.

જસ્ટિસ ગવઈનો કાર્યકાળ ૬ મહિનાનો રહેશે અને તેઓ ૨૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ નિવૃત્ત થશે. તેઓ મે ૨૦૧૯ માં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બન્યા હતા અને સંયોગથી, તેઓ તે જ મહિનામાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનશે. સીજેઆઈ ખન્નાએ ગયા વર્ષે ૧૧ નવેમ્બરે ચાર્જ સંભાળ્યો હતો. તેમણે જસ્ટિસ બીઆર ગવઈના નામની ભલામણ કેન્દ્રીય કાયદા મંત્રાલયને મોકલી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ માટે નિવૃત્તિ વય ૭૦ વર્ષ છે. જસ્ટિસ બીઆર ગવઈનો જન્મ ૨૪ નવેમ્બર, ૧૯૬૦ ના રોજ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં થયો હતો. ૧૪ નવેમ્બર, ૨૦૦૩ના રોજ જ્યારે તેમને વધારાના ન્યાયાધીશ તરીકેની જવાબદારી સોંપવામાં આવી ત્યારે તેઓ બોમ્બે હાઈકોર્ટનો ભાગ બન્યા.

આ પછી, નવેમ્બર ૨૦૦૫ માં જ, તેઓ હાઈકોર્ટના કાયમી ન્યાયાધીશ બન્યા. જસ્ટિસ ગવઈ સુપ્રીમ કોર્ટના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોનો ભાગ રહ્યા છે. આ ઉપરાંત, તેમને ઘણી બંધારણીય બેન્ચમાં સામેલ કરવામાં આવ્યા છે. જસ્ટિસ ગવઈ એ ૫ સભ્યોની બંધારણીય બેન્ચનો પણ ભાગ હતા જેણે કલમ ૩૭૦ દૂર કરવાના નિર્ણયને પડકારતી અરજીઓની સુનાવણી કરી હતી. આ ઉપરાંત, તેઓ રાજકીય ભંડોળ માટે લાવવામાં આવેલી ચૂંટણી બોન્ડ યોજનાને ફગાવી દેતી બેન્ચનો પણ ભાગ હતા.

૪ના જીવ લેનારા સીટી બસના ચાલકનું ડ્રાઈવિંગ લાયસન્સ એકસપાયર થઈ ગયું'તું

# બેફામ બનેલા બસચાલકે બસ ભગાવી મૂકી'તી

## મૃતકો પૈકી રાજુભાઈ ગિડાના પિતરાઈ ભાઈ રવિરાજભાઈ ગિડાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો

રાજકોટ, તા. ૧૬

રાજકોટના ઈન્દિરા સર્કલ પાસે ચાર લોકોના ભોગ લેનારી સીટી બસના ચાલક રતનપરના શિશુપાલસિંહ દિગુભા રાણા વિરૂદ્ધ ગાંધીગ્રામ પોલીસે મૃતકો પૈકીના રાજુભાઇ ગીડાના પિતરાઈ ભાઇ રવિરાજભાઈ રાણાભાઇ ગીડા જાતે.કાઠી દરબાર (ઉ.વ.૨૯ ધંધો. ખેતીકામ રહે, સત્યમ પાર્ક, ૮૦ ફુટ રોડ હ્યુનડાઈના શો રૂમ સામે શેરી નં. ૦૨, રાજકોટ મુળ રહે, ગામ ડાકવડલા તા. ચોટીલા જી.સુરેન્દ્રનગર)ની ફરિયાદ પરથી વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. બસ ડ્રાઇવરનું ડ્રાઇવિંગ લાયસન્સની વેલીડીટી પણ ખતમ થઇ ગઇ હતી. બસ ચાલક શિશુપાલસિંહ રાણા પાસે ટ્રાન્સપોર્ટ વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ નહોતું, કારણ કે તેની સમય મર્યાદા ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ ગઈ હતી. આ અંગે માહિતી આપતા ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવાએ જણાવ્યું કે આ ઘટનામાં ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ હેઠળ સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, મોટર વ્હીકલ એક્ટની કલમ ૫ (લાયસન્સ વિના વાહન ચલાવવું), કલમ ૧૧૭ (જાહેર સલામતીને જોખમમાં મૂકવું), કલમ ૧૮૧(ખોટી માહિતી આપવી) અને કલમ ૧૮૪ (બેદરકારીથી ડ્રાઇવિંગ કરવું) હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો છે.



ડ્રાઇવર શિશુપાલસિંહ

ફરિયાદી રવિરાજભાઈ ગિડાએ જણાવ્યું છે કે હું પરીવાર સાથે રહુ છુ અને ખેતીકામ કરુ છુ. મારા પિતાજીને બે ભાઇઓ છે, જે હાલમા હયાત છે અને મારા મોટા બાપા મનુભાઈ આલેગભાઇ ગીડા જેઓ હાલ રાજકોટ મુકામે અમારા બાજુમા જ રહે છે. તેમને એક દિકરો રાજુભાઇ (ઉ.વ.૩૩) છે જે આરએમસીમા ઓડીટ ખાતામા નોકરી કરતાં હતાં.. જેઓ તેમની પત્નિ નયનાબેન તથા તેના દિકરા માનવીર ઉ.વ.૭ વાળા ભેગા રહેતાં હતા.સવારના આશરે પોણા અગીયારેક વાગ્યે મારા ફઇના દિકરા વિજયભાઈ બહાદુરભાઈ ખાચર રહે, બોટાદનો મને ફોન આવેલ કે, આશરે પોણા દસેક વાગ્યે ઇન્દીરા સર્કલ પાસે રાજુભાઇનો અકસ્માત થયેલ છે. તે સમયે હુ કોટેચા ચોક પાસે હતો. અને થોડીવાર પછી ફરીવાર મને ફોન આવેલ કે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જાય છે જેથી હુ સિવિલ હોસ્પીટલ આવેલ. તે વખતે આ મારા ભાઈની ડેડ બોડી મે ત્યા જોયેલ અને તેમજ અન્ય બે ડેડ બોડી પણ જોયેલ હતી ત્યારબાદ મે અમારા સગા સબંધીઓને ફોન કરેલ ત્યારબાદ મારા ભાઇ વિજયભાઈનો ફોન આવેલ કે આ બનાવ ઇન્દીરા સર્કલ પાસે બનેલ છે અને તે વખતે આ બનાવનો વિડીયો સોશ્યલ મીડીયામા વાઇરલ થયેલ હોય જે મે જોયેલ હતો.

ત્યારબાદ હુ આ બનાવવાળી જગ્યા ૧૫૦ ફુટ રીંગ રોડ ઇન્દીરા સર્કલ ખાતે ગયેલ હતો જ્યા ઘણા લોકો ભેગા થયેલ હતા. અકસ્માત થયેલ વાહનો તથા અસ્માત કરનાર ઇલેક્ટ્રીક બસ રોડ પર જ પડેલ હતી જેના કાચ તુટેલ હતા જેનો નંબર જોતા **GJ-03-BZ- 0466** નો તથા ઊ-૫૨ હતો અને આ જગ્યાએ લોહીના ડાઘા તથા કાચના ટુકડા વિગેરે પડેલ હતા અને મને આ બનાવ બાબતે વાતોવાતથી જાણવા મળેલ હતુ તેમજ મે આ બનાવનો વિડીયો જોયેલ હતો. જેમા આ બસનો ચાલક સિગ્નલ ખુલેલ હોઇ અને આગળ ચાલતા વાહનો ધીમે ધીમે ચાલતા હોઇ તે વખતે એક સફેદ કલરની કારની બાજુમા મારો ભાઈ તેમનુ બાઇક જેના રજી. નં. **GJ-03-2061** લઈને ઉભેલ. જેની પાછળ મારી ભાણી વિરાજબેન પાછળ ઉંધી બેઠેલ છે, તે ધીમે ધીમે ચલાવતો હોય તેમજ બીજા વાહનો પણ ધીરે ધીરે ચાલતા હોય ત્યારે તેની પાછળ એક ઇલેક્ટ્રીક બસના ચાલકે પોતાના કબ્જાની બસ પુરઝડપે ચલાવી મારા ભાઈને તથા અન્ય વાહન ચાલકોને તેમના વાહનો સાથે પાછળથી ટુક્કર મારી ઢસડીને આશરે ૧૦૦ ફુટ જેટલી દુર ઇન્દીરા ગાંધીના સર્કલ સુધી લઇ જાય છે. તેવુ વાઇરલ થયેલ વિડીયોમા દેખાઇ આવેલ હતુ જે મે જોયેલ છે.

ત્યારબાદ હું મારા ભાઇની લાશ પોસ્ટમોર્ટમ રૂમ ખાતે હોઇ ત્યા આવેલ અને ત્યા બીજા મરણજનારના સગા સબંધી ઓ પણ આવેલ હોય અને મને ત્યા આ બસના ચાલકે ટક્કર મારવાના કારણે (૧) રાજુભાઇ મનુભાઇ ગીડા ઉ.વ.૩૫ રહે, રાજકોટ (૨) જીગ્નેશભાઇ ઉર્ફે લાલો હર્ષદભાઇ ભટ્ટ ઉ.વ.૪૦ રહે, રાજકોટ (૩) સંગીતાબેન ઘનરાજભાઇ ચૌધરી ઉ.વ.૪૦ રહે, રાજકોટ (૪) કિરણબેન ચંદ્રેશભાઇ કક્કડ ઉ.વ.૫૬ રહે. રાજકોટના પણ મૃત્યુ થયા હતાં.જ્યારે વિશાલભાઈ રાજેશભાઈ મકવાણા રહે, રાજકોટ, સુરજભાઇ ધર્મેશભાઇ રાવલ રહે, મેટોડા, સાનીયાબેન અજયભાઈ રાજગોર રહે, રાજકોટ, હસમુખભાઇ આડેસરા રહે, રાજકોટ વાળાના દિકરા તથા મારી ભાણી વિરાજબેન મહાવીરભાઈ ખાચર ઉ.વ.૭ રહે, રાજકોટ તથા અન્ય લોકોને પણ ઇજા થયેલ હોવાનુ મને જાણવા મળેલ છે.

તેમજ આ બસના ચાલકનુ નામ શીશુપાલસિંહ દિલુભા રાણા રહે, રતનપર રાજકોટ હોવાનુ મને જાણવા મળેલ છે. હાલમા તે સિવીલ હોસ્પીટલ ખાતે સારવારમા છે. જેનુ ડ્રાઇવિંગ લાયસન્સ નંબરની ઈશ્યુ તા.૨૨/૦૪/૨૦૦૯ છે. જેની વેલીડીટી તા.૧૭/૦૨/૨૦૨૫ ના રોજ પુર્ણ થઇ ગયેલ છે. પોતાના ડ્રાઇવિંગ લાયસન્સની વેલીડીટી પુર્ણ થઈ ગયા પછી વાહન ન ચલાવવુ જોઇએ તેવુ જાણતા હોવા છતા વાહન ચલાવી બેદરકારી કરી તેમજ શહેરી વિસ્તારમા સવારના સમયે જ્યારે ટ્રાફિકનુ પ્રમાણ વધારે હોય ત્યારે આવા ટ્રાફીકમા ટ્રાફિક સિગ્નલ ખુલતા પોતાની આગળ ઘણા વાહનો ધીમે ધીમે ચાલતા હોય તો પોતે પણ બસ ધીમે ચલાવવી જોઇએ તેવુ જાણતા હોય તેમજ પોતાના કબ્જાની બસ પુરઝડપે ચલાવશે તો આગળ જતા વાહનોને ટુક્કર લાગવાથી લોકોના મોત થશે તેવુ પોતે ડ્રાઇવર તરીકે જાણતો હોવા છતા પોતાના કબ્જાની ઇલેક્ટ્રીક બસ પુરઝડપે ચલાવી આગળ જતા વાહનોને પાછળથી ટક્કર મારી પોતાની બસને બ્રેક ન મારી, આશરે ૫૦ મીટર જેટલા ઢસડી મારા ભાઇ તથા બીજા ત્રણ માણસોના મોત નીપજાવી તથા બીજા માણસોને નાની-મોટી ઇજાઓ કરી તથા વાહનોને આશરે એકથી દોઢ લાખ રૂપીયાની નુકશાન કરેલ હોય તેના સામે ધોરણસર થવા ફરીયાદ છે. તેમ વધુમાં રવિરાજભાઇ ગીડાએ જણાવતા પોલીસ ઇન્સપેક્ટર આર.એસ. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ એ..એસ.મકરાણીએ ગુનો નોંધ્યો છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# મેમા પકડો મરતા રહો

## રાજકોટમાં ટ્રાફિક તંત્રની જીવલેણ સ્કીમ




બુધવારે સવારમાં જ રાજકોટમાં જીવલેણ અકસ્માતના સમાચાર આવ્યા. નિર્દોષ લોકોને સિટી બસે કચડી નાખ્યા. માર્ગો પર કલ્પાંતના દશ્યો સર્જાયા. સતત અકસ્માતોથી ઉસ્કેરાયેલા લોકોએ બસમાં તોડફોડ કરી. ટોળાને વિખેરવા પોલીસે લાઠીચાર્જ પણ કરવા પડયા.

લોકો કાયદો હાથમાં લેવા મજબુર બને એ ભયાવહ સ્થિતી ગણાય. સમગ્ર ઘટના અંગે તપાસ શરૂ થઇ ગઇ છે. અકસ્માતના કારણો જાહેર થયા બાદ જવાબદારી ફિકસ થશે.

જીવલેણ અકસ્માતોની પરંપરા સર્જાઇ ગઇ છે. આ સામે ટ્રાફિકતંત્ર શુ કરે છે? ગઇકાલના અકસ્માતમાં બ્રેક ફેઇલ પર મામલો ફીટ થતો દેખાય રહ્યો છે. સવાલ એ છે કે, હિટ એન્ડ રનની પરંપરા શરૂ થઇ ગઇ છે, તેને ઉકેલવા પોલિસ-મહાપાલિકા તંત્રએ શું આયોજન કર્યુ?

ટ્રાફિક તંત્રએ મસ્ત સ્કીમ બનાવી છે, મેમા પકડો અને મરતા રહો. તંત્ર એક માત્ર જવાબદારી નિભાવી રહ્યું છે, દંડના નામે ઉઘરાણા કરો. ટ્રાફિકનું અને લોકોનું જે થવું હોય એ થાય. ઉઘરાણા માટે પણ માત્ર ટુ-વ્હીલર્સને ટાર્ગેટ કરાય છે. ઓટો રિક્ષાથી માંડીને મોટામાથાના નિયમભંગ સામે નહિવત કામગીરી છે.

રાજકોટના એકપણ એરિયામાં શ્રેષ્ઠ ટ્રાફિક વ્યવસ્થા છે? જવાબ સ્પષ્ટ છે ના. ટ્રાફિક તંત્ર પાસે દંડ ઉઘરાવવા સિવાય કોઇ આયોજન છે? જવાબ સ્પષ્ટ છે ના... ટિ એન્ડ રનના અનેક કેસોમાં નશો જવાબદાર ઠર્યો છે. નશાખોરી સામે નિર્ણાયક લડત આપવાની તંત્ર પાસે રણનિતી છે? ના....

અકસ્માતો થયા બાદ લોકો આક્રોશમાં આવી જઇને વાહનોને તોડફોડ કરે છે. આક્રોશ ઉઠે એ સ્વાભાવિક છે, પણ આક્રોશનું પરિણામ શુ? કંઇ નહીં... આવા લોકઆક્રોશની કંઇ વેલ્યુ નથી. તંત્ર પાસે ટ્રાફિક વ્યવસ્થા માટે કોઇ રણનિતી નથી તેમ લોકો પાસે આક્રોશની પણ રણનિતિ નથી.

આક્રોશ યોગ્ય સ્થાને વ્યકત થવો જોઇએ અને આક્રોશ પરિણામ લાવે તેવો હોવો જોઇએ. સિટી બસમાં તોડફોડથી તંત્રને કંઇ જ નુકશાન નથી એ જાહેર મિલકત છે અને એ નુકસાની સરવાળે લોકો ના જ માથે આવે છે.

આક્રોશ તંત્ર સામે જ હોવો જોઇએ, એ આક્રોશ પણ ક્ષણિક નહિ: નિર્ણાયક સ્થિતી ન સર્જાય ત્યા સુધી હોવો જોઇએ. તંત્રને-અધિકારીઓને જવાબદારી નિભાવવા માટે ફરજ પાડવી પડશે. નશો કરીને ડ્રાઇવિંગ કરનારાને નશો મળે છે કયાંથી? અને શા માટે? આવા સવાલો તંત્રને પુછવા પડશે.

ક્ષણિક અને રણનિતિ વગરનો આક્રોશ પ્રશ્નો ઉકેલી ન શકે. દંડ ઉઘરાવવા ઉભેલા ટ્રાડિક કર્મચારીઓને ટ્રાફિક વ્યવસ્થા ઉત્તમ બનાવવા લોકોએ ફરજ પાડવી પડશે. ટ્રાફિક અંગે કોર્ટની પણ ગાઇડલાઇન છે. ગાઇડલાઇન પ્રમાણે વર્તવા તંત્ર પર દબાણ લાવવું પડશે. આવું નહિ થાય તો લોકો દંડ ભરતા રહેશે અને મરતા રહેશે.



**જીવનમાં બધું જ હોવા છતાં, કંઈક અધૂરું લાગે એનું નામ "દુઃખ" છે. અને જીવનમાં કંઈ પણ ન હોવા છતાં, બધું પૂરું લાગે એનું નામ "સુખ" છે.**

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# મુર્શિદાબાદમાં જે કોમી રમખાણો થયા તે પૂર્વ આયોજિત : મમતા

## તૃણમૂલ કોંગ્રેસના વડાએ મુસ્લિમ સમુદાયના સભ્યોને ભારતીય જનતા પાર્ટીના ફાંદામાં ન ફસાવવા અને શેરીઓમાં હિંસામાં સામેલ ન થવા વિનંતી કરી

નવીદિલ્હી, તા. ૧૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુર્શિદાબાદમાં થયેલી હિંસાને ''પૂર્વયોજિત કોમી રમખાણો'' ગણાવી હતી અને કહ્યું હતું કે જો બાંગ્લાદેશના તત્વો રમખાણોમાં સામેલ હોય તો કેન્દ્ર સરકારને જવાબદાર ઠેરવવી જોઈએ. કોલકાતામાં ઈમામ અને મુએઝીનના મેળાવડાને સંબોધતા મમતા બેનર્જીએ કહ્યું, ''ગઈકાલે મેં ગૃહ મંત્રાલયના સૂત્રોને ટાંકીને એક ટ્વીટ જોયું જેમાં કહેવામાં આવ્યું હતું કે બાંગ્લાદેશ સંડોવાયેલો છે. જો એવું હોય તો કેન્દ્ર સરકાર જવાબદાર છે કારણ કે ઈજ્ઞ્ઠ સરહદોનું રક્ષણ કરે છે, આપણી નહીં. રાજ્ય સરકારની સરહદોનું રક્ષણ કરવાની કોઈ જવાબદારી નથી.'' તૃણમૂલ કોંગ્રેસના વડાએ મુસ્લિમ સમુદાયના સભ્યોને ભારતીય જનતા પાર્ટીના ફાંદામાં ન ફસાવવા અને શેરીઓમાં હિંસામાં સામેલ ન થવા વિનંતી કરી. સમુદાયના સભ્યોને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું, ''ભાજપ ધ્રુવીકરણ કરવા માંગે છે જેથી મારી સરકારને સત્તા પરથી દૂર કરવામાં આવે. એકવાર તેઓ સત્તામાં આવશે, તો તેઓ તમને ખાવાનું પણ નહીં આપે.''



મમતા બેનર્જીએ કહ્યું કે ઈમામ અને મુઅઝીનોની જવાબદારી છે કે તેઓ ખાતરી કરે કે ''ભાજપ જે કહે છે તેનાથી કોઈ નારાજ ન થાય.'' તૃણમૂલ કોંગ્રેસના વડાએ કહ્યું કે તેમના સાંસદોએ વક્ફ (સુધારા) બિલનો વિરોધ કર્યો અને ભારતના વિપક્ષી ગઠબંધનના પક્ષોને આ કાયદાનો વિરોધ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું કે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન થવું જોઈએ અને ઉમેર્યું કે તેમના પક્ષના સાંસદો વિરોધમાં જોડાશે. ભાજપના સાથી પક્ષો, ખાસ કરીને ચંદ્રબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટીએ આ કાયદાને કેમ સમર્થન આપ્યું તે અંગે પ્રશ્ન ઉઠાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે વકફ (સુધારા) કાયદો બે તૃતીયાંશ બહુમતી સાથે બંધારણ સુધારાની જેમ પસાર થવો જોઈતો હતો.

મુખ્યમંત્રીએ હિંસામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી. હિંસામાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા અને અનેક ઘરો પર હુમલો કરવામાં આવ્યો. શ્રીમતી બેનર્જીએ કહ્યું કે રાજ્ય સરકાર બાંગ્લાર બારી યોજના હેઠળ નવા મકાનો બનાવશે અને જે દુકાનદારોને નુકસાન થયું છે તેમને વળતર આપવામાં આવશે. ૧૧ અને ૧૨ એપ્રિલના રોજ મુર્શિદાબાદના ધુલિયાં અને શમશેરગંજ વિસ્તારોમાં વક્ફ (સુધારા) કાયદા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. હિંસાથી બચવા માટે સેંકડો લોકોએ પડોશી માલદા જિલ્લામાં આશરો લીધો છે.

હિંસામાં કથિત સંડોવણી બદલ ૨૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# નેશનલ હેરાલ્ડ નહેરુ પરિવારની જાગીર નોતીઃ પ્રસાદ

## સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ઈડી દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવતા રાજકીય ગરમાવો

નવીદિલ્હી, તા. ૧૬

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધી ગઈ છે. ભાજપે કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું અને નેહરુ-ગાંધી પરિવારને વિશ્વનો સૌથી ભ્રષ્ટ પરિવાર ગણાવ્યો. હવે ભૂતપૂર્વ કાયદા મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર પ્રહારો કરતા કહ્યું કે તમને વિરોધ કરવાનો અધિકાર છે, પરંતુ તમને જાહેર ભંડોળ અને સંપત્તિ લૂંટવાનો અધિકાર નથી. શું કાયદાએ હવે તેનું કામ ન કરવું જોઈએ?



ED એ નેશનલ હેરાલ્ડ કેસમાં તેની ચાર્જશીટમાં જણાવ્યું હતુ કે કોંગ્રેસના નેતાઓએ તેની પેરેન્ટ કંપની અઉંક ની ૨,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ હડપ કરવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. આ માટે, તેમણે ૯૯ ટકા શેર માત્ર ૫૦ લાખ રૂપિયામાં તેમની ખાનગી કંપની યંગ ઈન્ડિયનને ટ્રાન્સફર કર્યા, જેમાં સોનિયા અને રાહુલ ગાંધી બહુમતી શેરધારકો છે. આ ચાર્જશીટ પર, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ ગઈકાલે તેને કોંગ્રેસના ભ્રષ્ટાચારનું જીવંત ઉદાહરણ ગણાવ્યું હતું.ચાર્જશીટમાં ગાંધી પરિવારનું નામ સામેલ કરવા સામે કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. વિરોધ પ્રદર્શન અંગે કોંગ્રેસ પર નિશાન સાધતા રવિશંકર પ્રસાદે કહ્યું, ''કોંગ્રેસ ચિંતિત છે, તે દેશભરમાં ધરણા કરવાની વાત કરી રહી છે. તેમને વિરોધ કરવાનો અધિકાર છે પરંતુ કોઈને પણ જાહેર ભંડોળ અને સંપત્તિ લૂંટવાનો અધિકાર નથી.'' બીજી તરફ, ગુરુગ્રામ જમીન કૌભાંડમાં સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રા આજે બુધવારે ફરીથી ED સમક્ષ હાજર થશે. ગઈકાલે પણ તેમની પૂછપરછ કરવામાં આવી હતી. પ્રસાદે કહ્યું, ''હું તેમના (કોંગ્રેસ) વિરોધ કરવાના અધિકારને પડકારીશ નહીં, પરંતુ વિરોધ શા માટે કરવામાં આવી રહ્યો છે? હું બિહારથી આવું છું, જ્યાં જ્યારે પણ ED અને CBI લાલુ યાદવ અને તેમના પરિવારની નોકરી માટે જમીન કેસમાં પૂછપરછ કરે છે, ત્યારે લોકો ત્યાં વિરોધ કરવા પહોંચે છે. શું કોંગ્રેસે પણ આ જ મોડેલ અપનાવ્યું છે?''

ભાજપના વરિષ્ઠ નેતા પ્રસાદે કહ્યું કે નેશનલ હેરાલ્ડ ક્યારેય નહેરુ પરિવારની જાગીર રહ્યું નથી. આમાં ઘણા મોટા લોકોએ સહયોગ આપ્યો છે. ૨૦૦૮માં તેનું પ્રકાશન બંધ થઈ ગયું. જ્યારે નેશનલ હેરાલ્ડનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું, ત્યારે કોંગ્રેસે તેને પાર્ટી ફંડમાંથી ૯૦ લાખ રૂપિયાનું ગ્રાન્ટ આપ્યું, પરંતુ તેઓ પાર્ટી ફંડમાંથી પૈસા કોઈ ખાનગી કંપનીને આપી શકતા નથી. ભ્રષ્ટાચારના ગાંધી મોડેલનો ઉલ્લેખ કરતા રવિશંકર પ્રસાદે કહ્યું, ૯૦ કરોડ રૂપિયાની બાકી રકમ માટે ૫૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવે છે અને પછી માલિકી હકો મેળવવામાં આવે છે. આ માટે મોતીલાલ બોરાની પૂછપરછ કરવામાં આવી હતી. સોનિયા ગાંધીની પણ પૂછપરછ કરવામાં આવી હતી. એ જ રીતે, હરિયાણામાં ૩ કરોડ રૂપિયાની જમીન ખરીદવામાં આવે છે અને પછી ૫૮ કરોડ રૂપિયામાં વેચવામાં આવે છે. આ ભ્રષ્ટાચારનું ગાંધી મોડેલ છે. આ કેસની સુનાવણી ૨૫મી તારીખે થશે. આ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી આરોપી છે.

# સુપ્રીમે ક્રિપ્ટોકરન્સી પર નિયમનકારી માળખાની માંગ કરતી અરજી ફગાવી

## ક્રિપ્ટોકરન્સી એ એક ડિજિટલ અથવા વર્ચ્યુઅલ ચલણ છે જે ક્રિપ્ટોગ્રાફી દ્વારા સુરક્ષિત

નવીદિલ્હી, તા. ૧૬

સુપ્રીમ કોર્ટે બુધવારે ક્રિપ્ટોકરન્સી પર નિયમનકારી માળખાની માંગ કરતી અરજીની તપાસ કરવાનો ઇનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે તે ''કાયદા બનાવી શકતી નથી''. ક્રિપ્ટોકરન્સી એ એક ડિજિટલ અથવા વર્ચ્યુઅલ ચલણ છે જે ક્રિપ્ટોગ્રાફી દ્વારા સુરક્ષિત છે, જેના કારણે તેને બનાવટી બનાવવું અથવા બેવડું ખર્ચ કરવું લગભગ અશક્ય બને છે. તેઓ બ્લોકચેન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકેન્દ્રિત નેટવર્ક પર અસ્તિત્વ ધરાવે છે - એક વિતરિત ખાતાવહી જે કમ્પ્યુટર્સના અલગ નેટવર્ક દ્વારા લાગુ કરવામાં આવે છે. આ અરજીની સુનાવણી જસ્ટિસ બી.આર. દ્વારા કરવામાં આવી હતી. ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચ સમક્ષ સુનાવણી માટે હાજર થયા. અરજદારો તરફથી હાજર રહેલા વકીલે દાવો કર્યો હતો કે ક્રિપ્ટોકરન્સી અંગે દેશભરમાં અનેક ફરિયાદો દાખલ કરવામાં આવી છે.




વકીલે જણાવ્યું હતું કે અરજદારો આ મુદ્દા પર નિયમનકારી માળખા માટે કેન્દ્ર અને અન્ય લોકોને નિર્દેશ આપવાની માંગ કરી રહ્યા છે કારણ કે તેને નિયંત્રિત કરવા માટે કોઈ કાયદો નથી. ''તે નીતિ નિર્માતાઓના કાર્યક્ષેત્રમાં આવે છે. આપણે આવો નિર્દેશ કેવી રીતે આપી શકીએ? આપણે કાયદા બનાવી શકતા નથી,'' જસ્ટિસ ગવઈએ કહ્યું. બેન્ચે કહ્યું કે અરજદારો આ મુદ્દા પર ભારત સરકાર સમક્ષ પોતાનું પ્રતિનિધિત્વ કરી શકે છે. વકીલે દલીલ કરી હતી કે ઘણા અરજદારોએ વિવિધ પોલીસ અધિકારીઓનો સંપર્ક કર્યો હતો, પરંતુ આ મુદ્દા પર કોઈ નિયમનકારી નીતિ નહોતી.

''અરજીમાં કરવામાં આવેલી પ્રાર્થનાઓ વિધાનસભા અને કારોબારી વિભાગના અધિકારક્ષેત્રમાં આવે છે. આ બાબતને જોતાં, અમે અરજી પર વિચાર કરવા માંગતા નથી,'' બેન્ચે કહ્યું. બેન્ચે કહ્યું કે જો અરજદારો ઈચ્છે તો તેઓ યોગ્ય સત્તાધિકારી સમક્ષ પોતાનું પ્રતિનિધિત્વ કરી શકે છે, જેના પર વિચાર કરવામાં આવશે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે ક્રિપ્ટોકરન્સીને નિયંત્રિત કરવા અને સંબંધિત ગુનાઓની અસરકારક રીતે તપાસ કરવા માટેની પદ્ધતિ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટ વિવિધ રાજ્યોમાં કથિત ક્રિપ્ટોકરન્સી છેતરપિંડી માટે નોંધાયેલા આરોપીની જામીન અરજી પર અલગથી સુનાવણી કરી રહી હતી.

અરજદારો તરફથી હાજર રહેલા વકીલે દાવો કર્યો હતો કે ક્રિપ્ટોકરન્સી અંગે દેશભરમાં ઘણી ફરિયાદો દાખલ કરવામાં આવી છે. વકીલે સુપ્રીમ કોર્ટ પાસેથી કેન્દ્ર અને અન્યોને આ મુદ્દા પર નિયમનકારી માળખું બનાવવા માટે નિર્દેશ આપવાની માંગ કરી હતી કારણ કે તેને નિયંત્રિત કરવા માટે કોઈ કાયદો નથી. આના પર, જસ્ટિસ ગવઈએ પૂછ્યુંઃ ''તે નીતિ નિર્માતાઓના કાર્યક્ષેત્રમાં આવે છે.

આપણે આવો નિર્દેશ કેવી રીતે આપી શકીએ? આપણે કાયદા બનાવી શકતા નથી''. બેન્ચે એમ પણ કહ્યું કે અરજદારો આ મુદ્દા પર ભારત સંઘ સમક્ષ પોતાનું પ્રતિનિધિત્વ કરી શકે છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ''રાત રહે જ્યાહરે પાછલી ખટ ઘડી..! એ પદમાં નરસિંહ કંઈ નિંદ્રા માંથી જાગવાનું કહે છે?



મિત્રો- શુભ સવાર.
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નરસિંહની જાગૃતિને નજરમાં રાખીને જીવનને સકારાત્મક તરફ લઈ જવાની એક નેક કોશિશ કરવા રૂપે આત્મનિરીક્ષણના ઘાટે દિનચર્યાનું મૂલ્યાંકન કરી, જીવનમાં જ્યાં જ્યાં દોષ આપણાથી આવ્યા છે, તેને સુધારવાનો એક નમ્ર પ્રયાસ પણ કરવો રહ્યો. નાની નાની બાબતો માંથી જ કળિયુગ રૂપી કાળ કહો કે અસત્ય કહો, એ આપણામાં પ્રવેશી જાય છે, અને જીવ તેની નોંધ લેવાનું પણ ચૂકી જાય છે, અને એ ભૂલ સ્વના જાગરણ વગર સુધારવી શક્ય નથી, માટે હવે નરસિંહની જેમ રાતમાં પણ ચિંતન કરવાનું છે, તો આજે આપણે એની એક વધુ રચના વિશે ચિંતન કરીશું.

નરસિંહ મહેતા

રાત રહે જાહરે પાછલી ખટ ઘડી
સાધુ પુરુષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રી હરિ,
'એક તું' 'એક તું' એમ કહેવું

કવિ રાતની પાછલી ખટઘડીની વાત કરે છે, એટલે કે બ્રહ્મમૂહુર્તમાં સાધુ પુરુષોએ સુઈ ન રહેવું, અને ઈશ્વરનું અનુસંધાન કેળવવા માટે ધ્યાન, સાધના, ઈત્યાદિ કરવી એમ કહે છે. દરેક પ્રકારની નિંદ્રાને ત્યજી અને ભગવાનનું સ્મરણ કરી,એક તું, એક તું, એમ કરી તેની સાથે અંનત યુગો સુધીનો નાતો બાંધવો. કેટલા સીધા સાદા શબ્દો અને છતાં કેટલી ઊંચી વાત કરી ગયાં. બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ભગવાન સાથે કે, પરમ કૃપાળુ પરમાત્મા સાથે અનુસંધાન કેળવવાથી આપણે પણ આપણી જાતને સાધુપુરુષ સિદ્ધ કરી શકીએ છીએ, સંસારી હોવાનો મતલબ એ નથી કે, આખો દિવસ સંસારમાં રચ્યાપચ્યા રહીએ, થોડીક ક્ષણો એની માટે પણ કાઢવી રહી. કહેવાતી પૂજા ન થાય તો પણ ચાલશે પરંતુ, આ રીતે તેનું અનુસંધાન કરવાથી જીવ માનવતાના ધર્મને અનુસરશે. ઉપરાંત સ્થૂળ શરીરતો નિંદ્રામાંથી બહાર આવશે જ, પરંતુ જેમ જેમ ઈશ્વર સમજાતો જશે, તેમ તેમ તમસ રુપી અંધકારની રાત્રી સમાપ્ત થશે, અને મોહનિંદ્રા માંથી જીવ બહાર આવી પણ શકે.

જોગિયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા

જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગને ત્યજવા, વેદ વેદાંતનો પાઠ કરવા વાળા હોય તેને વેદ વિશે વિચારવું એટલે કે ચિંતન કરવું, અને સીધાસાદા સંસારીઓ એટલે કે વૈષ્ણવોએ આવું કંઈ ન કરે તો પણ સાચી રીતે વૈષ્ણવ બની કૃષ્ણને ભજવા. નરસિંહ પોતે એક સંસારી હતા અને સંસારની મર્યાદાને સારી રીતે જાણતા હતાં, એટલે ભોગી માટે તો તે ભોગ ત્યજવાની વાત, અથવા તો ભોગમાંથી ધીરે ધીરે નિવૃત્તિ ને જ ઈશ્વર સાધના ગણાવી છે. વેદ એ ગહન ચિંતન માંગી લે તેવો ગ્રંથ છે, એટલે જેની પણ આ ગ્રંથમાં રુચિ હોય તેમણે સવારના આ સમયમાં વેદ વિશે ચિંતન કરવું, અને એ રીતે પોતાના નીજી જીવનમાં ફેરફાર કરવા, તેમજ અન્ય સાથે પણ જીવનનું મૂલ્યાંકન એ રીતે કરવું.વૈષ્ણવોના અગિયાર વ્રત છે, એ મુજબ અનુસરીને સીધાસાદા સંસારીઓ એ વૈષ્ણવ બનીને શ્રીકૃષ્ણને ભજવા, એને પણ ઉત્તમ સાધના ગણાવી છે.દુનિયાની આંટીઘૂંટીથી મુક્ત રહી જે ઈશ્વરને ભજતો હોય તેને પણ વૈષ્ણવ કહેવાય.

સુકવિ હોય તેણે સદગ્રંથ બાંધવા,
દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તે તો ચિત્ત ધરવું

લેખક કે કવિ હોય, તેણે બ્રહ્મ મુહૂર્તમાં બધી જ પ્રકારની નિંદ્રામાંથી બહાર આવીને લોકો તેને વાંચી અને કોઈ શીખ ગ્રહણ કરી શકે, તેવા ગ્રંથો લખવા અને કવિતાની રચના કરવી.દાન ધર્મમાં રુચિ હોય તેમણે સવારના ભાગમાં દાનના સંકલ્પ લેવાં, અને આખો દિવસ એ રીતે અનુસરવું. પતિવ્રતા ધર્મને અનુસરવું એટલે કે નારી એ, પોતાના પતિના પગલે ચાલવું, એને ઉત્તમ ધર્મ કહ્યો છે. તેને એ સિવાય બીજા એક પણ વ્રત કે સાધનાની જરૂર રહેતી નથી, તેની માટે તેનો પતિ એ જ પરમેશ્વર છે. નીજ અનુભવથી એક વાત કહેવા માગું છું, કે જ્યારે જ્યારે આ રીતે બ્રહ્મમુહૂર્તમાં લખાયું, તે શબ્દો સ્વયં કોઈ શક્તિ દ્વારા લખાય છે, એવી એક અનન્ય અનુભૂતિ પણ જીવની રહી છે. કારણ કે આ કોઈ સંસારી જીવના શબ્દો કે ચિંતન હોય ન શકે, અને એમણે કહેલી બીજી વાતને પણ પુર્ણ સમર્થન છે. કારણકે હિંદુ સનાતન ધર્મમાં તો પતિ એ જ પરમેશ્વર છે, અને સદાય એ જ રહેશે. પરંતુ એક જીવ તરીકે આ પૃથ્વી પર પોતાનું કર્તવ્ય શું છે? અથવા તો જન્મ કયા હેતુથી થયો? એવાં એક નાનકડા પ્રશ્ન પર આ ચિંતનની અધ્યાત્મ યાત્રાના મંડાણ થયા હતા, અને એક પણ કર્તવ્ય કર્મ ચૂક્યા વગર, ઈશ્વરીય કર્તવ્ય કર્મ ને અનુસરવા અસ્તિત્વ તરફ પહેલું ડગલું ભરવાની વર્ષો પહેલાં એક નેક કોશિશ આ રીતે થઈ હતી.

આપણે આપણા ધર્મ સંભાળવા,
કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં
ફરી નવ અવતરે નર ને નારી

આપણે આપણા ધર્મ સંભાળવા અને જે કંઇ કર્મ કરી રહ્યા છીએ તેનો મર્મ એટલે કે તે લાભદાયી છે, શુભદાયી છે, કે નુકશાન કર્તા છે, તે વિશે વિચારી લેવું. નર ને નારી ના ભેદથી પરે જતા એ નરસિંહના સ્વામી શ્રી કૃષ્ણની અંતરથી સ્મરી લેવા. સૌથી વધુ તકલીફ ત્યાં જ છે, કે કોઈને પોતાના તરફ જોવું નથી, પોતાના ધર્મ એટલે કે સ્ત્રીનો ધર્મ શું છે? પુરુષનો ધર્મ શું છે? સંતાનનો ધર્મ શું છે? વડીલોનો ધર્મ શું છે? પહેલા તો એ ધર્મ અનુસાર જો પરિવાર અનુસરે તો પરિવારના ક્લેશો બંધ થાય, જરાક આગળ વધીએ તો સમાજ આવે, સમાજમાં ધર્મને નામે કેટલા અખાડાઓ થઈ ગયા છે, અને દરેકે દરેક જો પોતાના ધર્મને અનુસરતા હોય, તો હજી પણ તકલીફ નથી. પરંતુ મારો ધર્મ શ્રેષ્ઠ એવું દેખાડવા, અને નિંદા ઈર્ષા અને અન્યને ઉતારી પાડવાની જે વાત આજે સમાજમાં વધી ગઈ છે, તે ખરેખર ચિંતનીય છે.નરસિંહના સ્વામીને જ પ્રેમથી પૂજવામાં આવે, તો તે મુક્તિને પામે છે. એટલે કે નર નારી તરીકે તેને અવતાર લેવો પડતો નથી, એવો પણ આ કથનનો અર્થ થઈ શકે. પરંતુ નરસિંહ જે કહેવા માગે છે, તે વાત એ છે કે કૃષ્ણને ભજીએ તો જીવતા જીવ મુક્તિ મળે છે, અને આ નર-નારીના ભેદમાંથી જીવ મુક્ત થઈ પરમ તત્વને પામે છે.

તો આપણે સૌ પણ સિદ્ધપુરુષની ગરિમાને પ્રાપ્ત કરી શકીએ, એ માટે થઈને થોડા વહેલા જાગીને ઈશ્વરનું અનુસંધાન કરીએ. થોડી ભોગ માંથી નિવૃત્તિ લઈએ, સારા લેખક કવિને વાંચીને જીવનમાં કંઈક સારી શીખ ગ્રહણ કરીએ, તેમજ પરિવાર પ્રત્યેના આપણા ધર્મને નિભાવીને ક્લેશો માંથી મુક્ત થઈએ, સામાજિક રીતે જે કોઈ ધર્મને આપણે અનુસરતા હોઈએ, તે ધર્મ આવી નિંદા ઈર્ષાથી મુક્ત હોવો જોઈએ, અને ન્હોય તો તેમાંથી બહાર નીકળી, આપણે માનવતાના મૂળ ધર્મ તરફ આગળ વધીએ. કૃષ્ણ તો પ્રેમના અવતાર છે, એટલે તેના નામનું સ્મરણ કરી, તેની સાથે નિત્ય અનુસંધાન રાખીને જીવન જીવીએ, તો આપણી આસપાસ પણ પ્રેમ નામના આ પરમ તત્વનું એક કવચ બની જશે, જે આપણામાં સદાય સત્ય પ્રેમ અને કરુણા ભાવની પૂર્તિ કરશે. ટૂંકમાં જીવન હવે નવા પ્રયોગને ઝંખી રહ્યું છે, તો કોઈ પણ રીતે જાગીને જીવનને એક નવી દિશા તરફ લઈ જવું રહ્યું. સૌ કોઈ પોતાના જીવનમાં ફેરફારની જરૂર લાગે, ત્યાં આત્મનિરીક્ષણ કરી ફેરફાર કરીને જીવે, જેથી આ નકારાત્મકતા પૂરી થાય, અને જીવન અજવાળા તરફ ગતિ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### નહિ જેવી વાતે લોહી તરસ્યો બની જતો માણસ ક્યારેક પરિવારોને કરે છે વેરણછેરણ

# દિકરાએ બાપની હત્યા કરી: રિક્ષા પાર્કિંગ મુદ્દે યુવાનની લોથ ઢળી

## હત્યાની બે ઘટનામાં પોલીસે તત્કાળ કાર્યવાહી કરી આરોપીઓને દબોચી લીધા

રાજકોટઃ નહિ જેવી વાતે હત્યા, હત્યાની કોશિષ કે એક બીજાના હાડકા ભાંગી નાખવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. હત્યાની આવી વધુ બે ઘટના બની છે જેમાં એક કિસ્સામાં એક યુવાને પોતાના જ પિતાને લાકડાના ફટકા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. તું કેમ મારી મમ્મીને મારે છે? તેમ કહી દિકરો રોષે ભરાયો હતો અને પિતા પર તૂટી પડી તેને કાયમને માટે શાંત કરી દીધો હતો. બીજી ઘટનામાં રિક્ષા પાર્ક કરવા જેવી વાતે એક યુવાને બીજાની હત્યા કરી નાંખી હતી.



હત્યાની પ્રથમ ઘટના કે જેમાં દિકરો બાપનો હત્યારો બન્યો છે તેની વિગતો જોઈએ તો આ બનાવ પાવીજેતપુર તાલુકાના બોરધા ગામે બન્યો છે. અહિ પુત્રએ પિતાને કહ્યુ મારી મમ્મીને તું કેમ મારે છે?તેમ કહી લાકડાંના ફટકા માથામાં મારી દેતા ઘટના સ્થળ ઉપર મોત નિપજ્યુ હતુ.આ હત્યાના બનાવ અંગે કરાલી પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે. બોરધા ગામે સાંજે નગીન બાબુભાઇ ઉર્ફે બાબુડીયા ભાઇ રાઠવા ઘરે હતા. તે સમયે નગીન ભાઇના પુત્ર બનસિંગ રાઠવા તથા નગીનભાઇના ભાઇ બકાભાઇ ઉર્ફે બકાલા ભાઇ તે બાબુભાઇ રાઠવા બાઇક ઉપર આવી નગીનભાઇને અપશબ્દો બોલી ઝઘડો કરવા લાગ્યા હતા. તે સમયે બકાભાઇ રાઠવાએ નગીનભાઇને ધક્કો મારી જમીન ઉપર પાડી દઈ ગળું પકડી રાખ્યુ હતુ.

આ વખતે બનસિંગભાઇ રાઠવાએ ગુસ્સામાં આવી કહ્યુ કે તું મારી મમ્મીને કેમ મારે છે? તેમ બોલી લાકડાં વડે નગીનભાઇને માથામાં ફટકા મારી દેતા નગીનભાઇનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ. આ બનાવથી આસપાના લોકો દોડી આવતા બંને શખ્સો ત્યાથી ફરાર થઈ ગયા હતા. પોલીસે હત્યારા દિકરાને અને તેને મદદ કરનારને ગણતરીના સમયમાં ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

હત્યાની બીજી ઘટના જોઈએ તો આ બનાવ વટવા ચારમાળીયા ખાતે રિક્ષા ચાલક યુવકને મહિલા સહિત ચાર લોકોએ ઢોર માર મારીને છરીના ઘા મારીને હત્યા કરી હતી. પોલીસ તપાસમાં આરોપી લાલદરવાજા ખાતે પથારા પાથરીને ધંધો કરે છે તેના પથારાની બાજુમાં મૃતકે રિક્ષા પાર્ક કરી હતી,જેની અદાવત રાખીને મોડી રાતે આરોપીઓએ યુવકને ઈન્સ્ટાગ્રામ ઉપર ફોન કરીને ગાળો બોલી હતી અને ચાર માળીયા ખાતે બોલાવીને હત્યા કરી હતી. વટવા પોલીસે મહિલા સહિત ચાર સામે હત્યા સહીતની કલમ હેછળ ગુનો નોંધીને ગણતરના કલાકમાં ચારેયની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. વટવા સૈયદવાડી વિસ્તારમાં રહેતા અને નારોલમાં કપડાના કારખાનામાં નોકરી કરતા યુવકે વટવા પોલીસ સ્ટેશનમાં ચાર માળિયા ખાતે મહિલા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીનો નાનોભાઈ ભાડાની રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. તે તેના સહ પરિવાર સાથે જમાલપુર પગથીયા ખાતે રહેતી તેની બહેનના ઘરે ગયા હતા.

ત્યારે રાત્રીના દસ વાગ્યાની આસપાસના હું વર્ધીમાં જાઉં છે તેમ કહીને પિતાનું ટુ-વ્હીકલ લઈને નીકળી ગયો હતો. ત્યારબાદ પરિવારના અન્ય સભ્યો જમાલપુરથી મોડી રાત્રે ઘરે આવ્યા અને સૂઈ ગયા હતા. ત્યારે મોડી રાત્રે ત્રણ વાગ્યે યુવકના પિતાના મોબાઈલ ઉપર યુવકના નંબરથી અજાણી યુવતીએ ફોન કર્યો અને જણાવ્યું કે જાવેદ સાથે તકરાર થઇ છે અને છરીઓ મારેલી છે અને તેને એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જઈએ છીએ. જેથી પરિવારના તમામ સભ્યો તાત્કાલિક હોસ્પિટલ પહોંચી ગયા હતા. ત્યારે જાવેદનું સારવાર દરમ્યાન મૃત્યું થયું હતું ત્યારે એક મહિલા રડી રહી હતી તેણે કહ્યું કે જાવેદ સાથે મારા છ મહિના પહેલા નિકાહ થયેલા છે અને ગઈકાલે રાત્રે જાવેદ મને મળવા આવ્યો ત્યારે વટવા ચાર માળીયા પાકિસ્તાનમાં રહેતો મોહમંદ જમીર શેખ તેને ઈનસ્ટાગ્રામમાં વિડીયો કોલમાં ગાળો ભાંડી રહ્યો હતો અને વટવા ચાર માળીયા પાસે બોલાવતો હતો.

તેથી જાવેદ તેમને મળવા ગયો હતો. જ્યાં આગળ ચાર લોકોએ ભેગા થઈને મૃતકને છરીના ઘા ઝીકચા હતા. ઉપરાંત મહિલાએ મૃતકના ભાઈને કહ્યું કે મૃતક લાલ દરવાજા પાસે રીક્ષા લગાવતો હતો અને ત્યાં આગળ જ આરોપી પથારો લગાવતો હતો અને ત્યા મૃતકે રિક્ષા પાર્ક કરવા બાબતે બન્ને વચ્ચે છેલ્લા ઘણા સમયથી તકરાર ચાલતી હતી અને આ વાત હત્યા સુધી પહોંચી ગઈ હતી.



# ભારે કરી : કિશાનપરા ચોકમાં એસટી બસ બની'તી બેફામ

## પીજીવીસીએલની ગાડીને આપી ટક્કર : થોડી મિનિટો માટે લોકોના ટોળેટોળા થયા ભેગા : દૂષણ ક્યારે થમશે : લોકોમાં વ્યાપ્યો ભય

રાજકોટ, તા. ૧૬

રાજકોટમાં જાણે સીટી બસના ચાલકો સંપૂર્ણપણે બેફામ બની ગયા હોય તેવા ચિત્રો ઊભા થઈ રહ્યા છે ગઈકાલે ઇન્દિરા સર્કલ પાસે જે દુર્ઘટના ઘટી તેમાં ચાર લોકોના મોત નીપજ્યા એ જ ઘટના હજી પૂર્ણ થઈ નહીં ત્યાં કિસાનપરા ચોકમાં ૨૭ નંબરની ત્રિકોણ બાગથી રયા રોડ તરફ જાતિ સિટી બસના ચાલકે પીજીવીસીએલની કોન્ટ્રાક્ટ ની ગાડીને પણ ટક્કર મારી હતી જે ઘટના બાદ થોડીવાર માટે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.

મહાનગરપાલિકાના સત્તાધિશો દ્વારા સબસલામતના જે ડંફાસ મારવામાં આવી રહ્યા છે. તેમાંથી સતાધીશો એને અધિકારીઓએ બહાર નીકળવાની જરૂર છે અને યોગ્ય અને નક્કર કાર્યવાહી કરવાની આવશ્યકતા ઊભી થઈ છે માત્ર સારી સારી વાતો કરવાથી કામગીરી થતી નથી કારણ કે હવે સીટી બસના ડ્રાઈવરો તથા સંચાલકોને પણ ખબર છે કે કાંઈ પણ થાય તો તેઓને બચાવી લેવામાં આવશે પરંતુ કોના ભોગે એ હવે મહાનગરપાલિકાએ સમજવાની જરૂર છે. આ પ્રકારની જ્યારે દુર્ઘટના કે ઘટના ઘટે ત્યારે જ અધિકારીઓને સત્તાધિશો દ્વારા કામગીરી કરવામાં આવશે અને તપાસ કરવામાં આવશે તેવી બ્રાહ્મક વાતો લોકો સુધી પહોંચાડવામાં આવતી હોય છે પરંતુ તેમ મામલે કોઈ પણ નકર કામગીરી થતી નથી અને તેને લઈને લોકોને ઘણી ખરી હેરાનગતિનો સામનો પણ કરવો પડતો હોય છે. જરૂરી એ પણ છે કે જે પણ ખાનગી કોન્ટ્રાક આપવામાં આવેલા છે તેમાં વધુને વધુ નિયંત્રણ લાદવામાં આવે.

કીશાનપરા ચોકમા ગઈકાલે બપોરે સીટી બસ નં ૨૭ કે જે ત્રીકોણબાગથી રૈયા રોડ તરફનાં રૂટ પર જવા નીકળી હોય તે સીટી બસનાં ચાલકે પુરપાટ ઝડપે બસ ચલાવી પીજીવીસીએલની જીજે ૦૩ બીઝેડ ૩૬૫ નંબરની સ્કોર્પીયો કારને ટકકર મારી દીધી હતી. એક તરફ ઇન્દીરા સર્કલ પાસે સવારે ૯ વાગ્યે સીટી બસનાં ચાલકે પુરપાટ ઝડપે બસ ચલાવી બે મહીલા અને બે પુરૂષનાં જીવ લઇ લીધા હોય આ અકસ્માતમા સંગીતાબેન, રાજુભાઇ ગીડા, ચીન્મય ભટ્ટ અને કિરણબેન કકકડે જીવ ગુમાવ્યા હોય જેની હજુ પોલીસ કાર્યવાહી કરી રહી હતી ત્યારે જ કીશાનપરા ચોકમા સીટી બસનાં ચાલકે અકસ્માત સર્જયો હતો. બેફામ બનેલા સીટી બસનાં ડ્રાઇવરો પર લગામ લગાવવી જરૂરી હોય અવાર નવાર શહેરમા સર્જાતા નાના મોટા અકસ્માતોમા સીટી બસનાં ચાલકો જવાબદાર હોવા છતા આવા બેદારકામ ડ્રાઇવરો સામે મનપા કે પોલીસ દ્વારા કોઇ કાર્યવાહી કરવામા આવતી નહી હોવાનુ લોકો રોષ પુર્વક જણાવી રહયા છે.

### છેતરી લેવાના કિસ્સાઓ અટકતા જ નથીઃ ફ્રોડના વધુ બે કિસ્સા પહોંચ્યા પોલીસ સુધી

# પોન્ઝી સ્કીમમાં લલચાવી લોકોના સાડત્રીસ લાખ ખાઇ જવાયા

## નિવૃત શિક્ષીકા વૃધ્ધાને કેવાયસી અપડેટના બહાને શિકાર બનાવી રૂપિયા ઉસેડી લેવાયા

રાજકોટઃ અલગ અલગ સ્કીમો થકી લોકોને છેતરવાના કિસ્સા અટકતા જ નથી. વધુ આવી ઘટનાઓ સામે આવી છે જેમાં પોન્ઝી સ્કીમ શરૂ કરી વૃધ્ધ સહિત અનેક લોકોના છત્રીસ લાખ સિત્તેર હજાર ખાઇ જવાયા છે. બીજી તરફ નિવૃત શિક્ષીકાને સાયબર ક્રાઈમનો ભોગ બનાવી તેના બે લાખથી વધુ રૂપિયા ખાઇ જવાયા છે. આ મહિલાને વ્હોટ્સએપ પર ફોન કરી કેવાયસી અપડેટ કરાવવાના નામે છેતરી લેવાયા હતાં.



વિગતો પર નજર કરીએ તોઅમરાઈવાડીમાં પાર્લરમાં નોકરી કરતા શખ્સે થોડા સમય પહેલા લોભામણી પોન્ઝી સ્કીમ શરૂ કરી હતી જેમાં દુકાને આવતા વૃદ્ધ સહિત અનેક લોકોને ટાર્ગેટ કરીને સ્કીમમાં રૂપિયા ભરાવીને ચૂનો લગાડયો હતો. જેમાં સભ્યો લાવવાનું કહીને ૨૫ જેટલા લોકો પાસેથી કુલ રૂપિયા ૩૬.૭૦ લાખ પડાવ્યા હતા અને અધવચ્ચે સ્કીમ બંધ કરીને રૃપિયા આપવાના બદલે બહાના બતાવતો હતો. રૂપિયાની ઉઘરાણી કરતા પોતાનું નેટવર્ક બહુ મોટું છે રૂપિયા માગશો તો પત્તો પણ નહી લાગશે નહી કહીને ધમકીઓ આપતો હતો. અમરાઈવાડી પોલીસ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ પચાસથી વધુ લોકો સાથે લાખો રૂપિયાની ઠગાઇ આચર્યાની આશંકા સેવાઇ રહી છે. અમરાઈવાડીમાં રહેતા વૃદ્ધે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં અગાઉ પડોશમાં રહેતા વિજયભાઇ અગ્રવાલ સામે ફરિયાદ નોંધાવી છે કે આરોપી સોસાયટીની સામે રહેતો હતો અને પાન પાર્લર ઉપર નોકરી કરતો હોવાથી ફરિયાદી તેના સંપર્કમાં આવ્યા હતા.

વધુ માહિતી મુજબ આરોપીએ શ્રીરામ મિત્ર મંડળ નામથી ઈનામી ડ્રોની યોજના શરૂ કરી હતી. જેમાં 30 મહિનાની હપ્તાની સ્કીમ હતી. અને ૩૯ ડ્રો કરવાના હતા. તેમજ ઈનામના ૧૨૦ ડ્રો કરવાના અને છ હપ્તાથી ઓછા ભરેલ હશે તો તેને રકમ પરત આપવામાં નહી તેવા નિયમો હતા. જેથી આરોપીએ વૃદ્ધને જરૂરી સભ્યો લાવવા કહેતા સગા સંબંધી અને મિત્રવર્તુળમાં ડ્રોની સ્કીમમાં સભ્યો થવા તેઓ કહેતા હતા. તેમજ ફરિયાદી પરિવારજનો અને અન્ય મિત્રવર્તુળ સહિતના સભ્યોના કાર્ડ કઢાવીને કુલ રૂપિયા ૬.૦૬ લાખ આપ્યા હતા. ત્રીસ મહિના પહેલા સ્કીમ બંધ કરી દેતા ફરિયાદીએ પૂછતા મારી આથક પરિસ્થિતિ સારી નથી હું સ્કીમ ચાલું કરી શકુ તેમ નથી મારી પાસે સગવડ થશે એટલે તમામ રૃપિયા ચૂકવી આપીશ તેવા વાયદા કરતો હતો જો કે આરોપી ફોન બંધ કરીને ક્યાંક જતો રહ્યો હતો. તેવામાં ફરિયાદીને જાણ થઈ કે અમરાઈવાડી પોલીસે તેને નેગો એક્ટ હેઠળ પકડયો છે.તપાસ કરતા આરોપીએ ૨૫ લોકો પાસેથી કુલ રૂપિયા ૩૬.૭૦ લાખની ઠગાઇ હોવાનું બહાર આવ્યું છે.

બીજી તરફ કેવાયસીના નામે ઠગાઇ થઇ છે. મણીનગર વિસ્તારમાં આવેલા શિલ્પ એપાર્ટમેન્ટમાં રહેતા ચોસઠ વર્ષિય યશોદાબેન ખત્રીએ મણીનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ છેતરપિંડીની ફરિયાદ કરી છે. યશોદાબેન સંયુક્ત પરિવારમાં રહે છે અને ઘરકામ કરે છે. યશોદાબેન નિવૃત શિક્ષીકા છે તેમને વોટ્સએપ પર એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો અને તેણે પોતાની ઓળખાણ બેંક ઓફ ઈન્ડિયાના કર્મચારીની આપી હતી. ગઠિયાએ યશોદાબેનને કહ્યુ હતું કે, હું બેંક ઓફ ઈન્ડિયામાંથી વાત કરું છું. તમારા બેંક ખાતાનું હાલમાં કેવાયસી થયુ નથી. તમારે કેવાયસી કરાવવાનું છે કે નહીં? જો કેવાયસી નહીં કરાવો તો તમારા મોબાઇલમાં બેંક તરફથી કોઇ મેસેજ કે માહિતી મળશે નહીં. યશોદાબેન ગભરાઇ જતા તેમણે ગઠિયાને કેવાયસી કરાવવા માટેનું કહ્યુ હતું. શખ્સે યશોદાબેનને એક એપ્લીકેશન ડાઇનલોડ કરાવી હતી અને બાદમાં એક પછી એક ઓટીપીની માંગણી કરી રહ્યો હતો. શખ્સ બેંકમાંથી બોલે છે તેવુ સમજીને યશોદાબેને તમામ ઓટીપી આપી દીધા હતા. ઓટીપી આપી દીધાના એક કલાક પછી યશોદાબેનનો મોબાઇલ ઓટોમેટીક બંધ થઇ ગયો હતો. યશોદાબેનને શંકા જતા તેમણે મોબાઇલનું રીચાર્જ કરાવ્યુ હતું અને બાદમાં બેંકના ટોલ ફ્રી નંબર ઉફર ફોન કરીને બેલેન્સ ચેક કરાવ્યુ હતું. બેંક તરફથી યશોદાબેનને જાણવા મળ્યુ હતું કે, શખ્સે ટુકડે-ટુકડે ૨.૯૬ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. યશોદાબેને તરતજ સાયબર હેલ્પ લાઇન પર ફોન કરીને સમગ્ર હકીકત જણાવી દીધી હતી. સાયબર હેલ્પ લાઇન પર ફોન કર્યા બાદ ૮૫ હજાર બચી ગયા હતા, જ્યારે ૨.૧૧ લાખ રૂપિયા પહેલેથી ગઠિયાઓએ ટ્રાન્સફર કરી લીધા હતા. યશોદાબેન સાથે છેતરપિંડી થયાના પાંચ મહિના બાદ મણીનગર પોલીસે તેમનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.સાયબર ગઠિયાઓ એટલા એક્સપર્ટ થઇ ગયા છે કે તે ભોગબનનારને ગણતરીની મિનિટોમાં વિશ્વાસ અપાવી દેતા હોય છે. સાયબર ક્રિમિનલથી બચવા માટે ઘણી જાહેરાતો પોલીસ તેમજ સરકાર દ્વારા કરવામાં આવતી હોવા છતાંય અમદાવાદીઓ તેમની જાળમાં ફસાઇ જતા હોય છે. જ્યારે પણ વોટ્સએપ ઉપર બેંકના કર્મચારીનો ફોન આવે છે ત્યારે તે ચીટર જ હોય છે. જો કોઇ બેંકનો કર્મચારી હશે તો તે પોતાની બેંકના નંબરથી ફોન કરશે, પરંતુ ચીટર વોટ્સએપ કોલ કરે છે. તેમ છતાંય જો ફોન કરનાર પર વિશ્વાસ ના આવે તો નજીકની બેંકમાં જઇને તપાસ કરવાથી આવા ફ્રોડથી બચી શકાશે.


### કાલાવડના ગુંદા અને રાજકોટના ગુંદા પાસે મોટરસાઇકલ ચાલકોને નડેલો જીવલેણ અકસ્માત

# અપમૃત્યુઃ અકસ્માતમાં બે યુવાનના મોત, એકનો આપઘાત

## બે પિત્રાઇ કોટડાસાંગાણીના અનીડા વાછડાથી ખેરડી જતાં હતાં ત્યારે ટ્રેકટરે ઉલાળતાં એકનું મોતઃ બીજાને ઇજાઃ અન્ય ઘટનામાં મોબાઇલનું રિચાર્જ કરાવવા નીકળેલા મજૂરનું ટુવ્હીલર સ્લીપ થતાં મૃત્યુ

રાજકોટઃ અપમૃત્યુની સતત બનતી ઘટનાઓમાં વધુ ત્રણ પરિવારે સ્વજન ગુમાવ્યા છે. જેમાં વીસ વર્ષના એક યુવાનનું અને ચાલીસ વર્ષના એક મજૂરના વાહન અકસ્માતમાં મૃત્યુ થયા છે. તો અન્ય બનાવમાં એક યુવાનની પ્રથમ પત્નિ છોડીને જતી રહ્યા હતાં તેણે બીજા લગ્ન કર્યા હોઇ બીજી પત્નિ પણ છોડીને જતી રહેતાં માઠુ લાગી જવાથી તેણે આપઘાત કરી લીધો હતો. આ ત્રણેય ઘટના રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બની હતી. બનાવને પગલે પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

વિગતો પર નજર કરીએ તો કાલાવડના ગુંદા ગામ નજીક મોટરસાઇકલને ટ્રેકટરે ઠોકરે ચડાવી દેતાં કોટડાસાંગાણીના અનીડા વાછડા ગામના બે પિત્રાઇ ભાઇઓ ફંગોળાઇ જતાં ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં વીસ વર્ષના ભાઇનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બીજા ભાઇને ઇજા સાથે સારવાર માટે દાખલ કરાયો હતો. અનીડાવાછડા ગામે રહેતો વીસ વર્ષનો નિર્મલ જયંતિભાઇ વાઘેલા અને તેનો પિત્રાઇ ભાઇ વીસ વર્ષનો મયુર દિનેશભાઇ વાઘેલા રાતે નવેક વાગ્યે કાલાવડના ગુંદા ગામ પાસે મોટરસાઇકલ પર પસાર થઇ રહ્યા હતાં ત્યારે ટ્રેકટરના ચાલકે બાઇકને ઠોકરે લેતાં બંને ભાઇ ફંગોળાઇ જતાં ઇજાઓ થઇ હતી. સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં અહિ નિર્મલ વાઘેલાનુંમૃત્યુ થતાં સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ બનાવની જાણ કાલાવડ પોલીસને જાણ કરી હતી.





### શાપરના યુવાનના બબ્બે લગ્ન તૂટી જતાં ઝેર પી જિંદગીથી છેડો ફાડી લીધો

મૃત્યુ પામનાર નિર્મલ બે ભાઇ અને બે બહેનમાં નાનો તથા અપરિણીત હતો. બંને ભાઇઓ કોઇ કામ માટે કાલાવડના ખરેડી ગામે જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કાલાવડ તાલુકા પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા ટ્રેકટર ચાલક અંગે તપાસ શરૂ કરી હતી.

બીજા બનાવમાં કુવાડવાના ગુંદા ગામ પાસે મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં ખેત મજૂરી કરતાં મુળ રાજસ્થાનના યુવાનનું મોત થયું હતું. તરઘડીયા વાડીમાં રહી મજૂરી કરતો ચાલીસ વર્ષનો કાળુસિંગ મદનસિંગ રજપૂત રાતે નવેક વાગ્યે બાઇક હંકારીને તરઘડીયાથી ગુંદા ગામે મોબાઇલ ફોનમાં બેલેન્સ પુરાવવા જતો હતો ત્યારે ગુંદા નજીક તેનું વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનો જીવ બચી શક્યો નહોતો. મૃત્યુ પામનાર કાળુસિંગ બે ભાઇ અને પાંચ બહનેમાં મોટો હતો. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પરિવાર સાથે તરઘડીયા રહી ખેત મજૂરી કરતો હતો. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં રાજકોટ જીલ્લાના શાપરમાં રહેતાં યુવાનના પ્રથમ પત્નિ સાથે છુટાછેડા થઇ ગયા બાદ તેણે બીજી યુવતિ સાથે કોર્ટમેરેજ કર્યા હતાં. પરંતુ આ બીજી પત્નિ પણા સાથે ન રહેતાં આઘાતમાં તેણે આપઘાત કરી લીધો હતો. વિગતો જોઇએ તો શાપર વેરાવળમાં શિતળા મંદિર પાસે રહેતો છવ્વીસ વર્ષનો અનિલભાઇ બચુભાઇ ચાવડા તેના ઘરે ઝેરી દવા પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિહ, ભગીરથસિંહ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં શાપર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર અનિલના પિતા બચુભાઇએ જણાવ્યું હતું કે અનિલ ત્રણ ભાઇમાં નાનો હતો. તેના પ્રથમ લગ્ન થકી બે દિકરી છે.

પરંતુ પ્રથમ પત્નિ સાથે છુટાછેડા થઇ ગયા હતાં. બાદમાં તેણે એક યુવતિ સાથે કોર્ટ મેરેજ કર્યા હતાં. પરંતુ આ બીજી પત્નિ પણ છોડીને જતી રહેતાં તે આઘાતમાં આવી ગયો હતો. આ કારણે પગલુ ભરી લીધુ હતું તેમ તેના પિતાએ જણાવ્યું હતું. યુવાન દિકરાના આ પગલાથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

# બામણબોરની પ્લાસ્ટિક ફેક્ટરીમાં લાગી આગ

## જાનહાની ટળી : 30 લાખથી વધુનું નુકસાન, શોર્ટ સર્કિટથી ઘટી દુર્ઘટના

રાજકોટ, તા. ૧૬

ટીઆરપી અગ્નિકાંડ બાદ દુર્ઘટનાઓ નું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે ગઈકાલે સીટી બસ દુર્ઘટના બાદ બામણબોર જીઆઈડીસી માં પ્લાસ્ટિકની ફેકટરીમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી અને અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આગ પર કાબુ મેળવવા માટે રાજકોટ ફાયર વિભાગની પણ મદદ લેવામાં આવી હતી અને ભારે મહેનત બાદ અંતે આગ પર કાબુ મેળવવામાં ફાયર વિભાગના કર્મચારીઓ સફળ નિવડિયા હતા. હાલ મળતી માહિતી મુજબ આગની ઘટનામાં એક પણ પ્રકારનું માનવ નુકસાન થયું નથી પરંતુ જે પ્લાસ્ટિક હતું તેને ઘણી ખરી નુકસાની પહોંચી છે. મળતી માહિતી મુજબ આશરે 30 લાખ જેટલી નુકસાની થઈ હોવાનું હાલ માલુમ પડી રહ્યું છે. બીજી તરફ શોર્ટ સર્કિટના પગલે આ દુર્ઘટના ઘટી હોવાનું માલુમ પડ્યું છે.



રાજકોટની ભાગોળે આવેલ બામણબોર જીઆઈડીસીમાં ગઈકાલે સવારે પ્લાસ્ટીકની ફેકટરીમાં અચાનક આગ ભભુકી ઉઠતા અફડાતફડી મચી હતી. રાજકોટ ફાયરની મદદથી આગને મહામહેનતે કાબુમાં લીધી હતી. સદભાગ્યે જાનહાની ટળી હતી. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટની ભાગોળે આવેલ બામણબોર જીઆઈડીસી વિસ્તારમાં દુર્ગા પ્લાસ્ટીકની ફેકટરીમાં સવારે ૧૦.૦૦ કલાક આસપાસ અચાનક આગ ભભુકી ઉઠતા અફડાતફડી મચી હતી.

આગ બુજાવવા રાજકોટ ફાયરને જાણ કરતા ફાયર વિભાગના જેસીમભાઈ, વાઘાભાઈ, એસટીઓ જોબનભાઈ, રણજીતભાઈ, ઈદ્રીશભાઈ વિ. બે ગાડીઓ સાથે ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ત્રણ કલાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી.આ આગને કારણે દુર્ગા પ્લાસ્ટિક કારખાનામાં રહેલ ૧૪ ગાડીઓ જેટલો કાચો માલ, મશીનરી સળગી જતા અંદાજે

રૂ.૨૫થી30 લાખનુ નુકસાન થયાનું ફેકટરી માલીક આસીફભાઈ સલીમભાઈ ધોણીયા જાહેર કર્યુ છે. આ આગ શોર્ટ સર્કીટથી લાગી હોવાનું પ્રાથમીક અનુમાન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે આ જ ફેકટરીમાં આગ લાગતા લાખોનું નુકસાન થયુ હતું. ફરી આગ લાગતા લાખોનુ નુકસાન થયુ છે.

# લેન્ડગ્રેબિંગ બેઠકમાં માત્ર એકમાં જ ફરિયાદ

## ચાર કેસ રાખવામાં આવ્યા પેન્ડિંગ : 30 કેસમાં થયું સમાધાન

રાજકોટ, તા. ૧૬

ગઈકાલે રાજકોટ જિલ્લા કલેકટરના વડપણ હેઠળ લેન્ડગ્રેબીંગની બેઠક મળી હતી જેમાં ૯૦ કેસ પર સુનાવણી હાથ ધરવામાં આવી અને આ તમામ કહેશો પૈકી ૫૦ લોકોને રૂબરૂ હાજર રહેવા ફરમાન મોકલવામાં આવ્યું હતું ત્યારે દર વખતની જેમ માત્ર એક જ કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે. ત્યારે તજજ્ઞોના જણાવ્યા અનુસાર ક્યાંક ને ક્યાંક કાયદાનો જે ઉપયોગ થવો જોઈએ તે થઈ શકતો નથી કારણ કે ૯૦ કેસમાં માત્ર એક માં જ ફરિયાદ દાખલ થાય તો તે ઘણું ખરું સૂચવી જાય છે. ત્યારે હવે રાજ્ય સરકારની સાતો સાત જિલ્લા વહીવટી તંત્ર એ પણ આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે કારણ કે આમાં સમયની સાથે ઘણી ઘણી ચીજ વસ્તુઓનો પણ વ્યય થતો જોવા મળે છે જે યોગ્ય નથી.

લેન્ડગ્રેબિંગ બેઠક નો ફાયદો ત્યારે જ સાચો મળી શકે કે જ્યારે મહત્તમ કેસ આવેલા હોય અને તેમાં માત્ર એક બે કેસમાં જ ફરિયાદ નહીં પરંતુ અડધો અડધ કેસમાં જો ફરિયાદ થાય તો જ આ પ્રકારના ગુનાહિત કૃતિઓ થતા અટકશે અને તો જ ખરા અર્થમાં લેન ગ્રેબિંગ હેઠળ ફરિયાદોનો મારો પણ ઓછો થશે પરંતુ તેના માટે યોગ્ય અને કડક પગલાં લેવા ખૂબ જરૂરી અને આવશ્યક છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરીમાં આખો દિવસ મિટીંગોનો ધમધમાટ રહેવા પામ્યો હતો.

નાર્કોટિકસ, લો-એન્ડ ઓર્ડર લેન્ડગ્રેબીંગ સહિતની અનેક બેઠકો કલેકટરનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. દરમ્યાન કલેકટર પ્રાંત, અને પોલીસની ઉપસ્થિતિમાં યોજાયેલી લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠકમાં કુલ-૯૦ કેસો મુકવામાં આવેલ હતાં.જેમાં પાટણવાવનાં એક કેસમાં એફ.આઈ. આર.નોંધવાનો હુકમ કલેકટરે કર્યો હતો.જયારે ૩૦ જેટલા કેસોમાં સમાધાન થયું હતું.અને ૪ કેસો પેન્ડીંગ રહ્યા હતા.આ ઉપરાંત ૫૫ કેસો વિવિધ કારણોસર દફતરે કરવામાં આવેલ હતાં.

### શહેરમાં ગમે ત્યારે ગમે તેની વચ્ચે મચી જાય છે ધમાલઃ બઘડાટી, ધમકીની ઘટનાઓ બની

# સગાઇ તોડવાની વાત કરતાં યુવાન-તેના માતાને ખૂનની ધમકી

## રેલનગરમાં રહેતાં યુવાને જેની સાથે સગપણ કર્યુ એ યુવતિને બિમારી હોવાની ખબર પડતાં સગાઇ ફોકની વાત કરીઃ યુવતિના ભાઇએ રોષે ભરાઇ ધમકીઓ દીધીઃ બીજી ઘટનામાં તું ફૈઝલનો મિત્રો છો? તને હવા છે કહી નરસંગપરાના યુવાનને છરીના ઘા

રાજકોટઃ શહેરમાં મારામારી, ધાકધમકીની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ બે બનાવમાં પોલીસે કાર્યવાહી કરી છે. એક કિસ્સામાં રેલનગરમાં રહેતાં યુવાનની પોરબંદરની યુવતિ સાથે સગાઇ થઇ હોઇ પરંતુ તેણીને બિમારી હોવાની ખબર પડતાં સગાઇ તોડી નાખવાની વાત કરતાં આ યુવાન અને તેના માતાને યુવતિના ભાઇએ પોરબંદરથી ફોન કરી વારંવાર ફોનમાં ગાળો ભાંડી ધમકીઓ આપતાં પોલીસને જાણ કરાઇ હતી. અન્ય એક બનાવમાં નરસંગપરાના યુવાનને પાંચ શખ્સોએ કેસરી પુલ નજીક મુસ્લી લાઇનમાં લઇ જઇ ઢીકાપાટુનો માર મારી તને હવા છે? કહી છરીના ઘા ઝીંકી દીધા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો રેલનગરમાં રહેતાં યુવાનની જેની સાથે સગાઇ થઇ હતી તે યુવતિને બિમારી હોઇ સગાઇ રાખવાની ના પાડતાં આ યુવાન અતે તેના માતાને યુવતિના ભાઇએ ધમકીઓ આપવાનું ચાલુ કર્યું હતું. પ્રદ્યુમનનગર પોલીસે રેલનગર મહારાણા પ્રતાપ ટાઉનશીપ વીગ-ડી, ફલેટનં. ૨માં રહેતાં ચોવીસ વર્ષના વરૂણભાઇ રમેશભાઇ મકવાણાની ફરિયાદ પરથી પોરબંદર પંચસાતડી બજાર ખારવા ભવન પાસે રહેતાં મનિષ નિતેશભાઇ સોલંકી સામે એફઆઇઆર દાખલ કરી છે. વરૂણ મકવાણાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ગોંડલ ચોકડી પાસે સમ્રાટ ઇન્ડસ્ટ્રી એરીયામાં શિવ નામના કારખાનામાં નોકરી કરુ છું. ૧૪/૨/૨૫ના રોજ મારી સગાઇ પોરબંદરના નિતેશભાઇ કાંતિભાઇ સોલંકીની દિકરી સાથે થઇ છે. પંદર દિવસ પહેલા મને જાણવા મળેલુ કે તેમની દિકરીને કોઇ બિમારી છે અને તેના માતા-પિતા તેણીને સારવાર કરાવવા માટે રાજકોટ લઇને આવ્યા છે. જેથી અમને જાણ થતાં મારા માતા-



પિતાએ આરતીના માતા-પિતાને અમારી ઘરે બોલાવ્યા હતાં અને કહ્યું હતું કે હવે અમારા દિકરાની સગાઇ તમારી દિકરી સાથે રાખવી નથી.

ત્યાર પછી આરતીના માતા-પિતા અમારા ઘરેથી જતાં રહ્યા હતાં. બે ત્રણ દિવસ પછી રાતે સાડા બારેક વાગ્યે આરતીના ભાઇ મનિષે મને ફોન કરી આ બાબતનો ખાર રાખી ગાળો દીધી હતી. મેં તેને મારા માતા મીનાબેન સાથે વાત કરાવતાં તેણે મારા માતાને પણ ગાળો આપી મારી નાખવાની ધમકી આપતાં મેં ફોન કટ કરી નાંખ્યો હતો. આ પછી પણ મનિષ તેના ફોનમાંથી અને તેના પિતાના ફોનમાંથી મને તથા મારા માતાને અવાર-નવાર ગાળો દેતો હોઇ ઝઘડો કરતો હોઇ મારે ફરિયાદ કરવી પડી હતી.

તેમ વધુમાં વરૂણે કહેતાં પ્ર.નગરના પીએસઆઇ જે. એમ. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં આઇ.પી. મિશન સ્કૂલ નજીક મુસ્લી લાઇનના રસ્તે નરસગપરાના યુવાનને પાંચ શખ્સોએ ઢીકાપાટુનો માર મારી છરીના ઘા ઝીંકી દીધા હતાં. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે જુની કલેકટર ઓફિસ પાસે નરસંગપરા-૧માં રહેતાં ત્રેવીસ વર્ષના સાહિલ મહમદભાઇ જાફરની ફરિયાદ પરથી આર્યન, અમુ, અબુ અને અજાણ્યા બે શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી છે. સાહિલ જાફર છુટક ટેક્સી ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે અને પરિવાર સાથે રહે છે. તેણે જણાવ્યું હતું કે ગત ત્રીજી એપ્રીલના રોજ રાતે સાડા નવેક વાગ્યે હું ઘરેથી ચાલીને અમારા લત્તામાં આવેલા રીઝવી પાનના ગલ્લે ફાકી લેવા ગયો હતો. ત્યાંથી મારા કાકા શબ્બીરભાઇની જ્યુબીલી શાક માર્કેટમાં શાકભાજીની લારી હોઇ ત્યાં જવા નીકળ્યો હતો.

તેણે આગળ કહ્યું હતું કે હું ચાલીને આઇપી મિશન સ્કૂલથી મુસ્લી લાઇનની સામે રોડ ડિવાઇડર ટપીને જતો હતો ત્યારે કેસરી પુલ તરફથી બૂલેટ, એક્સેસ અને બાઇક પર પાંચ જણા મારી પાસે આવ્યા હતાં. જેમાં આર્યન, અબુ અને અમુ તથા બે અજાણ્યા હતાં. જેમાંથી આર્યને મારી પાસે આવી તું ફૈઝલ બેલીમનો મિત્ર છો ને? તને બહુ હવા છે કહી મુસ્લી લાઇનની શેરીમાં લઇ જઇ આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ આર્યન અને અમુએ છરી કાઢી ઉંધા હાથાથી હુમલો કરી મારા માર્યો હતો. તેમજ અજાણ્યાએ છરી કાઢી ડાબા સાથળમાં મારી દીધી હતી.

હું દેકારો કરવા માંડતા આ બધા ભાગી ગયા હતાં. મને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ડોક્ટરે તપાસ કરતાં સાથળમાં બે ઉંધા ઘા હોઇ ટાંકા લીધા હતાં.

અમારે અત્યાર સુધી સમાધાનની વાત ચાલુ હતી. પણ સમાધાન ન થતાં ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં સાહિલે કહેતાં એ-ડિવીઝનના હેડકોન્સ. લાભુભાઇ જતાપરાએ એફઆઇઆર દાખલ કરી આરોપીને પકડી લેવા તજવીજ શરૂ કરી હતી.

### હસનવાડીના શખ્સે ત્રણ વર્ષ પહેલા પરવાનો પુરો થઇ ગયો હોવા છતાં રીન્યુ કરાવ્યો નહોતોઃ ક્રાઇમ બ્રાંચે દબોચ્યો

# કારખાનેદાર નાગાલેન્ડના લાયસન્સથી પિસ્તોલ ખરીદી રોફ જમાવતો'તો

## સાત વર્ષ પહેલા હરીયાણાના શખ્સને વચ્ચે રાખી પસ્તિોલ ખરીદી હોવાનું રટણઃ રાજયભરમાં નાગાલેન્ડના પરવાનાથી હથીયાર મેળવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે ત્યારે રાજકોટ ક્રાઇમ બ્રાંચના ચેતનસિંહ ગોહિલ સહિતની બાતમીથી થઇ કાર્યવાહી



રાજકોટઃ હાલમાં જ એટીએસ અને અમદાવાદ ક્રાઇમ બ્રાંચે નાગાલેન્ડના હથીયાર પરવાના પર હથીયારો ખરીદવાના વેંચવાના કારસ્તાનનો પર્દાફાશ કર્યો છે અને તપાસનો દોર છેક હરીયાણા સુધી લંબાયો છે. ત્યારે રાજકોટમાં પણ શહેર ક્રાઇમ બ્રાંચે નાગાલેન્ડના પરવાના પરથી હથીયાર ખરીદી રોફ જમાવતાં હસનવાડીના કારખાનેદારને પકડી લઇ કાયદાનું ભાન કરાવ્યું છે. આ શખ્સ પાસેથી પિસ્તોલ તેમજ જીવતા કાર્ટીસ કબ્જે કરાયા છે. તેણે આ હથીયાર દિમાપુર નાગાલેન્ડ રાજયમાં રહેતો હોવાના બોગસ પુરાવા ઉપર સાત વર્ષ પહેલા એક હરિયાણાના શખ્સની મદદથી ખરીદ કર્યાનું રટણ કર્યુ હતું.


હાલમાં નાગાલેન્ડના હથીયાર પરવાના પર હથીયારો ખરીદવાનું કૌભાંડ ચાલી રહ્યું હોઇ શહેર ક્રાઇમ બ્રાંચ આ પ્રકારના હથીયાર પરીવાના શોધવા તપાસમાં હતી ત્યારે ક્રાઇમ બ્રાન્ચના એએસઆઇ ચેતનસિંહ ગોહીલ, હેડ કોન્સ્ટેબલ દીપકભાઇ ડાંગર અને ઉમેશભાઇ ચાવડાને એવી બાતમી મળી હતી કે આજી વસાહતમાં દ્વારકાધીશ ઇન્ડસ્ટ્રી નામનુ જોબવર્કનું કારખાનું ધરાવતા અને હસનવાડીમાં રહેતા પ્રવિણ પાસે ગેરકાયદે હથીયાર છે. આ બાતમી પરથી દરોડો પાડી કારખાનેદાર એકતાલીસ વર્ષના પ્રવિણ પ્રતાપભાઇ છૈયા (રહે. હસનવાડી મેઇન રોડ, ૮૦ ફુટનો રોડ)ને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લઇ પુછપરછ હાથ ધરી હતી. વર્ષ ૨૦૨૨ની સાલમાં લાયસન્સની અવધી પુરી થયા બાદ લાયસન્સ રીન્યુ નહિ થયાનું બહાર આવ્યું છે. અમરનાથ યાત્રા વખતે લંગરની સેવા કરતા પોતાના મિત્ર પ્રવિણ પટેલ સાથે પ્રવિણ છૈયા ગયો હતો ત્યારે હરીયાણાના પાણીપતના રહેવાસી અંગરાજ સાથે ઓળખાણ થઇ હતી.


આ પછી અંગરાજે પોતે વચ્ચે રહી નાગાલેન્ડ રાજયનું હથીયાર લાયસન્સ અપાવી દેવાની વાત કરી હતી. ત્યારબાદ તે રાજકોટ આવ્યો હતો અને પ્રવિણ છૈયાને નાણાકીય લેતી-દેતી કરી લાયસન્સ અપાવ્યું હતું. તાજેતરમાં નાગાલેન્ડ રાજયમાંથી ત્યાંના રહેવાસી હોવાના ખોટા પુરાવા ઉભા કરી ગુજરાતમાંથી સેંકડો લોકોએ હથીયાર લાયસન્સ મેળવી લીધાનું કૌભાંડ બહાર આવ્યું છે ત્યારે રાજકોટમાંથી આ પ્રથમ કિસ્સો બહાર આવ્યો છે. ક્રાઇમ બ્રાંચ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા અને એમ.એલ. ડામોર, સી. એચ. જાદવ અને તેની ટીમે પ્રવિણની વધુ પુછતાછ શરૂ કરી આ રીતે અન્ય કોઇ હથીયાર મેળવ્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

### થોરાળા વિસ્તારના ભારત ઇન્ડસ્ટ્રીયલ એરીયાના ગોડાઉનમાં બાતમી પરથી કાર્યવાહીઃ પોણા ચાર લાખની કિંમતનો દારૂ જપ્ત થયો

# જુનાપુરાણા જુતા-ચપ્પલની સાથે કોથળામાં દારૂ પણ હતો!

## PCBની ટીમે દારૂની હેરાફેરીનો નવતર કિમીયો ઉઘાડો પાડી દિલ્હી-રાજકોટના બે શખ્સને પકડ્યાઃ ત્રીજાનું નામ ખુલ્યું







રાજકોટઃ બૂટેલેગરો, સપ્લાયરો પોલીસથી બચીને હેરાફેરી કરવા નવા નવા નુસ્ખા અજમવાતાં હોય છે. આમ છતાં પોલીસ ધારે તો ગમે તેવા નુસ્ખાઓને નાકામ બનાવી દેતી હોય છે. આવા જ એક કિમીયાનો પીસીબીની ટીમે પર્દાફાશ કર્યો છે. શહેરના થોરાળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ભારત ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ગોડાઉનમાં દરોડો પાડી જુનાપુરાણ જુના-ચપ્પલના કોથળાઓમાં વચ્ચે છુપાવેલા ઇંગ્લીશબ દારૂના ચપલાઓ, બોટલો સાથે બે શખ્સને પકડી લેવાયા છે. જયારે એકનું નામ ખુલ્યું છે. સવાર ચાર લાખનો દારૂ આ રીતે જુનાપુરાણા જુતા-ચપ્પલ સાથે કોથળામાં છુપાવીને મંગાવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે સેલવાસથી રાજકોટમાં ગેરકાયદે ઘુસાડાયો છે અને તે દારૂ ગોડાઉનમાં ઉતરવામાં આવી રહ્યો છે. આ વખતે જે જ ક્રાઇમ બ્રાન્ચે ત્રાટકી બે શખ્સોને ઝડપી ૩ લાખ ૭૪ હજારથી વધુની કિંમતની વ્હીસ્કી અને વોડકાની બોટલો ઝડપી લીધી હતી. ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સપેક્ટર એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.જે.હુણ, એએસઆઇ સંતોષભાઇ, હરદેવસિંહ, વિરેન્દ્રસિંહ અને દેવરાજભાઇને એવી બાતમી મળી હતી કે, ભારત ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં આવેલી સુમન ઇન્ડસ્ટ્રીઝની સામે આવેલા એક ગોડાઉનમાં દારૂ આવી રહયો છે. આ બાતમી અંતર્ગત વોચ ગોઠવી ગોડાઉનમાં દરોડો પાડવામાં આવ્યો હતો.આ વખતે ગોડાઉનમાં ભેલા આઇસરમાંથી જુના બુટ-ચપ્પલના કોથળા ઉતરાયા હતાં. આ કોથળા ખોલતાં અંદરથી જુનાપુરાણા જુતા ચપ્પલની સાથે સાથે દારૂના ચપલાનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૭૮૬ બોટલ, ઓલ સીઝન્સની ૪૮૦ બોટલ, મેજીક મોમેન્ટ વોટકાની ૩૮૪ બોટલ, ઓરેન્જ ફલેવર્ડ, વોટકાની ૧૯૨ બોટલ અને સ્ટર્લીંગ વ્હીસ્કીની ૪૮૦ બોટલ મળી ૩ લાખ ૭૪ હજાર ૪૯૬ની કિંમતનો ૨૩૦૪ ચપલા દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્થળ ઉપર દારૂ ઉતારી રહેલા મહેશ ઉર્ફે મોનુ ગોપાલભાઇ ચૌહાણ (રહે. પીપળીયા, ભીખુભાઇની ચાલ, વાપી, જી. વલસાડ) અને રાજકોટની આજી વસાહતના અનમોલ પાર્ક, શેરી નં. ૨ માં રહેતા જાવેદ રહીશભાઇ શેખની ધરપકડ કરી હતી. પુછપરછ હાથ ધરતા દારૂ રામનાથ પરાના સોહીલ યુસુફભાઇ થઇમે મંગાવ્યાનું ખુલતા તેને ઝડપી લેવા શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગોસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કલોત્રા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી અને હિરેન્દ્રભાઇ પરમાર સહીતનો સ્ટાફ જોડાયો હતો.

# અગમ્ય કારણોસર બિલ્ડર રાજુ પટેલે કર્યો આપઘાત

## શ્રોફ રોડ પર આવેલા સૂરજ એપાર્ટમેન્ટના ૧૦માં માળેથી પડતું મૂક્યું



રાજકોટ, તા. ૧૬

આપઘાતના કિસ્સાઓ સતત વધી રહ્યા છે ત્યારે ગઈકાલે શહેરના શ્રોફ રોડ પર આવેલા સૂરજ નામના બિલ્ડિંગમાં બિલ્ડર રાજેશ કાલાવડીયા એ છત પરથી ઝંપલાવી આપઘાત કર્યો છે હાલ આ અંગે કારણ બહાર આવ્યું નથી પરંતુ એ વાત સ્પષ્ટ છે કે આ બનાવની જાણ થતા જ પ્રહનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને આ બનાવ નું કારણ શું છે તે માટે તપાસ હાથ ધરી હતી. શહેરના હાઇપ્રોફાઇલ ગણાતા શ્રોફ રોડ પરની બિલ્ડીંગમાં રહેતા બિલ્ડર રાજેશભાઇ મગનભાઇ કાલાવડીયાએ બિલ્ડીંગની છત પરથી ઝંપલાવી આપઘાત કર્યો હતો. આ બનાવ ગઈકાલે બપોરે ૩ વાગ્યા આસપાસ બન્યો હતો.

સુત્રોએ જણાવ્યું કે રાજેશભાઇ મગનભાઇ કાલાવડીયા શ્રોફ રોડ પર આવેલ સુરજ-૨ બિલ્ડીંગમાં દસમા માળે રહેતા હતા. તેઓ મુળ મોરબીના ધનાઢ્ય પરિવારમાંથી આવે છે, પોતે બિલ્ડીંગ ડેવલપમેન્ટ અને શેરબજારના વ્યવસાય સાથે જોડાયેલા હતા. તેઓએ શહેરમાં અનેક બિલ્ડીંગો બનાવી હોવાનું જાણવા મળે છે. સુરજ એપાર્ટમેન્ટ -૨માં તેઓ પોતાના પત્ની સાથે રહેતા હતા. તેમના પુત્ર કચ્છ ખાતે ડોકટર છે.

ગઈકાલે બપોરે તેઓએ બિલ્ડીંગના સિકયુરીટી ગાર્ડને કહ્યું હતું કે તેમને બિલ્ડીંગની સૌથી ઉપરની ટેરેસ પર જવું છે જેથી કરીને ત્યાં બંધ દરવાજો ખોલી આપે, સિકયુરીટી ગાર્ડે ટેરેસ પર જવાનો દરવાજો ખોલી આપ્યો હતો એ પછી રાજેશભાઇ ટેરેસ પર ગયા હતા અને ત્યાંથી ઝંપલાવી અંતિમ પગલુ ભરી લીધું હતું.

રાજેશભાઇ બે ભાઇ, બે બહેનમાં સૌથી નાના હતા તેમને સંતાનમાં એક દિકરો છે. દિકરો કચ્છ ખાતે ડોકટર તરીકે પ્રેકટીસ કરતો હોવાનું જાણવા મળ્યું છે ત્યારે ખરા અર્થમાં આ આત્મહત્યાનું શું કારણ હોઈ શકે તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી

### અવસાન નોંધ

રાજકોટ : રાજકોટ : મૂળ ગામ લીલાખા હાલ રાજકોટ સુરૂ ઈશ્વરદાન ગગુભાઈ (ઉ.વ.૭૬), તે હિતેષભાઈ-રાજેન્દ્રભાઈ અને રઘુવીરભાઈના પિતાશ્રીનું તા. ૧૪ને સોમવારે દુઃખદ અવસાન થયું છે. સદ૧ગતનું બેસણું તા. ૧૭ને ગુરૂવારે સાંજે ૪ થી ૬, 'શ્રી ખાત્રાઇ કૃપા', ગાંધીગ્રામ-૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# ગ્રામ પંચાયત હવે ૧૪ જેટલા પ્રમાણપત્રો આપી શકશે

## આવકનો દાખલો, રાશન કાર્ડમાં ફેરફાર સહિતના જરૂરી દસ્તાવેજો હવે ગ્રામ પંચાયતથી જ લોકો મેળવી શકશે નહીં ખાવો પડે ધકો

રાજકોટ, ૧૬

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દરેક ગામડાને ડિજિટલ બનાવવા માટે તમામ જરૂરી પગલાઓ લઈ રહ્યું છે એટલું જ નહીં ગામડાના વસતા લોકો પણ ડિજિટલી તેમના જરૂરી દસ્તાવેજો મેળવી શકે તે માટે ખાસ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે ત્યારે બધા ગુજરાત સરકાર દ્વારા એક મહત્વનો પગલું લેવામાં આવ્યું જેમાં રાજ્યના અંતર્યા ગામડામાં રહેતી વ્યક્તિઓ પણ નાગરિક કેન્દ્રિત સહાયો અને સેવાઓ ઓનલાઇન મેળવી શકે તે માટે ખાસ ડિજિટલ સેવા સેતુ પોર્ટલને કમલી બનાવવામાં આવ્યું છે. એટલું જ નહીં કામગીરીને વધુ સુનિશ્ચિત કરવા માટે ગ્રામ પંચાયતને ૧૪ જેટલી સેવાઓ આપવા માટે સત્તા પણ આપવામાં આવી છે જે સૌથી મોટી વાત કહી શકાય. ભારત ડિજિટલ કનેક્ટિવિટીમાં સતત આગળ વધી રહ્યું છે. આજે ગુજરાત સરકારની ડિજિટલ સેવા સેતુ પહેલના કારણે રાજ્યના અંતરિયાળ ગામડામાં રહેતી વ્યક્તિને પણ નાગરિક-કેન્દ્રિત સેવાઓ ઓનલાઈન મળી રહી છે.

ડિજિટલ સેવાસેતુ એ ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં એક મજબૂત ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક ઊભું કરીને ગ્રામ્ય સ્તરે સરકારી સેવાઓ પૂરી પાડવા માટેની પહેલ છે. હાલમાં ડિજિટલ સેવા સેતુ પોર્ટલ પર ૩૨૧ પ્રકારના પ્રમાણપત્રો/સેવાઓ ઉપલબ્ધ છે, જેનો લાભ છેલ્લાં ૨ વર્ષમાં ૬૧ લાખથી વધુ લોકોએ લીધો છે.

રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોને સરકારી સેવાઓ મેળવવામાં મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઑક્ટોબર ૨૦૨૦માં ડિજિટલ સેવા સેતુ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ દ્વારા તાલુકા અને જિલ્લા કક્ષાના સેવા કેન્દ્રો પર ઉપલબ્ધ સેવાઓ ગ્રામ્ય સ્તરે સામાન્ય નાગરિકોને તેમની સુવિધા અનુસાર અને ગ્રામ પંચાયતમાંથી જ સામાન્ય ફી પર પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ડિજિટલ સેવાસેતુના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શી રીતે, સરળતાથી અને ઝડપથી ઉપલબ્ધ થઈ છે જે તેને ડિજિટલ ક્રાંતિની દિશામાં મહત્વની પહેલ બનાવે છે.

દેશની તમામ ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવાના ઉદ્દેશથી ભારતનેટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. ગુજરાતના સુશાસનમાં નવતર પ્રયાસ તરીકે રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગે ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ પંચાયતોને ફાઇબર નેટવર્ક સાથે જોડીને ડિજિટલ સેવા સેતુનો નવો અભિગમ શરૂ કર્યો હતો. ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક દ્વારા રાજ્યના ૮૦૦૦થી વધુ ગામડાઓમાં ૧૦૦ ખબાત હાઇ સ્પીડ ઇન્ટરનેટની સુવિધા મળી છે જેથી તાલુકા અને જિલ્લા કક્ષાના સેવા કેન્દ્રો પર ઉપલબ્ધ સેવાઓ ગ્રામ પંચાયતમાં જ સામાન્ય ફી પર પૂરી પાડવામાં આવે છે. આ અંતર્ગત, નામ ઉમેરવા, નામ દૂર કરવા અથવા રાશનકાર્ડમાં સુધારો કરવા અથવા ડુપ્લિકેટ રેશનકાર્ડ, આવક પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, ક્રીમી લેયર પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર વગેરે જેવી સેવાઓ ગ્રામ પંચાયત કચેરીમાંથી જ ડિજિટલ સેવા સેતુ દ્વારા માત્ર ૨૦ રૂપિયાની ફી ચૂકવીને ઉપલબ્ધ બને છે.નોંધનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ભારતનેટ ફેઝ-૨ નેટવર્કનો ઉપયોગ કરીને ડિજિટલ સેવા સેતુ પ્લેટફોર્મે લગભગ ૧.૫૭ કરોડ ગ્રામીણ રહેવાસીઓને ૩૨૧ સેવાઓનો લાભ આપ્યો છે.

ગુજરાતમાં ગ્રામ પંચાયતોને ₹૨૦ની ફી સાથે ૧૪ પ્રકારના પ્રમાણપત્રો જારી કરવાની સત્તા આપવામાં આવી છે જેમાં આવકનો દાખલો, રાશન કાર્ડમાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે.

આ પહેલથી ગ્રામીણ વિસ્તારોના નાગરિકોને પ્રમાણપત્રો, દસ્તાવેજો વગેરે જેવી રોજિંદી સેવાઓ માટે તાલુકા કે જિલ્લા કચેરીઓમાં જવાની જરૂર નહીં પડે અને સાથે તેમનો સમય અને મુસાફરી ભાડું પણ બચશે. આ પહેલ હેઠળ ૨૪૮ તાલુકાની ૧૪૧૧૨ ગ્રામ પંચાયતોને આવરી લેવામાં આવી છે.

# મોતની ચીચીયારી ગાજી : ચાર પરિવારોએ ઓચીંતા ગુમાવ્યા સ્વજનો

## ઈન્દિરા સર્કલે બુધવારની સવાર ગોઝારી બની

# કાળમુખી સીટી બસ



## બેફામ દોડતી સીટી બસો વારંવાર અકસ્માત સર્જતી હોય છે : આ વખતે ચાર લોકોની જિંદગી જ હણી નાંખી : ડ્રાઈવરને તત્કાળ ફરજમાંથી હાંકી કઢાયો

રાજકોટ તા. ૧૬
શહેરમાં અવાર-નવાર સીટી બસની ઠોકરે કોઇને કોઇ વાહનચાલકને ઇજા પહોંચે છે તો ક્યારેક કોઇનું મોત પણ થાય છે. વધુ વખત સીટી બસ ગોઝારી સાબીત થઇ છે. જેમાં આ વખતે ચાર પરિવારના સ્વજનોની જિંદગી સીટી બસની ઠોકરે ખતમ થઇ ગઇ છે. કોટેચા ચોકથી ઇન્દિરા સર્કલના રસ્તે જવા વાહનચાલકો સિગ્નલ બંધ હોવાથી ઉભા હતાં અને સિગ્નલ ખુલ્યું ત્યારે ધીમે ધીમે વાહનચાલકો રવાના થયા એ સાથે જ પુરઝડપે ધસી આવેલી સીટી બસે એક પછી એક સાતેક વાહનોને ઉલાળી દીધા અને અને આગળ જઇ કાર પાછળ અથડાઇને ઉભી રહી ગઇ હતી. આ અકસ્માતમાં એક મહિલા સહિત ત્રણના ઘટના સ્થળે અને એક મહિલાનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. કોઇ નોકરીએ જવા નીકળ્યા હતા, કોઇ દિકરાને તેડવા માટે અને કોઇ સ્વીમિંગ પૂલમાં એક્સરસાઇઝ માટે જવા નીકળ્યું હતું. પણ આ કોઇને ક્યાં ખબર હતી કે તેઓ પોતાની મંજીલે નહિ પહોંચી શકે!?

અરેરાટી ઉપજાવતી અને ચાર ચાર જીવ લઇ ગયેલી આ ગોઝારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો બુધવારની સવાર રાજકોટવાસીઓ માટે ગોઝારી સાબિત થઇ હતી. યુનિવર્સિટી રોડ ઇન્દિરા સર્કલ પાસે સિગ્નલ બંધ હોઇ કોટેચા ચોકથી ઇન્દિરા સર્કલ તરફ જવા માટે વાહનચાલકો સિગ્નલ ખુલવાની રાહમાં હતાં. સિગ્નલ ખુલ્યું અને વાહનચાલકો ધીમે ધીમે રવાના થયા ત્યાં જ પાછળથી અચાનક બેફામ સ્પીડથી સીટી બસ નંબર જીજે૦૩બીઝેડ-૪૬૬ ધસી આવી હતી અને સિગ્નલ ખુલતાં ધીમે ધીમે આગળ વધી રહેલા ટુવ્હીલરોને રમકડાની જેમ ઉલાળી દીધા હતાં. સાતથી આઠ વાહનો આ રીતે ઠોકરે ચડી જતાં દેકારો મચી ગયો હતો. એ પછી બસ આગળ વધી એક કાર પાછળ ધડાકાભેર અથડાઇને ઉભી રહી ગઇ હતી. આ અકસ્માતમાં કાળ બનેલી સીટી બસની ઠોકરે આવી ગયેલા એક મહિલા અને બે યુવાનના ઘટના સ્થળે જ મોત નિપજતાં લોકરોષ ફાટી નીકળ્યો હતો. ટોળાએ બસચાલક ભાગે એ પહેલા જ દબોચી લઇ ધોલધપાટ કરી હોવાની ચર્ચા છે. તેને સારવાર માટે ખસેડાયો હતો. અર્ધબેભાન જેવો થઇ ગયો હોઇ ઓક્સિજન આપવાનું ચાલુ કરાયું હતું.

સીટી બસના ચાલકે પોતાનું નામ શિશુપલાસિંહ દિલુભા રાણા હોવાનું અને પોતે મોરબી રોડ પરના રતનપરમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. તેમજ બસની બ્રેક ફેઇલ થઇ જવાથી અકસ્માત સર્જાયાનું રટણ કર્યુ હતું. ઘટના સ્થળે જ ત્રણના મોત થયા હોઇ લોકોના ટોળા મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા હતાં અને સીટી બસ બંધ કરાવો એવા સુત્રોચ્ચાર ચાલુ કર્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસ કન્ટ્રોલ રૂમે ઉચ્ચ અધિકારીઓને વાકેફ કરતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરી તેમજ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ, ક્રાઇમ બ્રાંચના અધિકારીઓ, એસઓજી, એલસીબી અને બીજા પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં અને ટોળાને શાંત પાડવા પ્રયાસ કર્યા હતાં. જો કે એક તબક્કે ટોળુ બેકાબુ બની જશે તેવું લાગતાં પોલીસને હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. મૃતદેહોને સિવિલ હોસ્પિટલે ખસેડી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. એકઠા થયેલા લોકોના ટોળાએ ઘટના સ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓ, ધારાસભ્ય ડો. દર્શનાબેન શાહ સહિતને ઘેરી લઇ બસ ચાલક સામે આકરી કાર્યવાહીની માંગણી કરી હતી. પોલીસ કમિશનરે જવાબદાર સામે યોગ્ય કાર્યવાહીની ખાત્રી આપતાં ટોળા શાંત પડ્યા હતાં. આ ઘટનામાં

સીટી બસની ઠોકરે વાહન સહિત ચડી જતાં જે ચાર લોકો કોળનો કોળીયો બની ગયા તેમાં રાજુભાઇ મનુભાઇ ગીડા (ઉ.વ.૩૫-રહે. ૮૦ ફુટ રોડ સત્યમ્ પાર્ક-૧), ચિન્મયભાઇ (લાલાભાઇ) હર્ષદરાય ભટ્ટ (ઉ.વ.૨૫-રહે. હાથીખાના-૧), કિરણબેન ચંદ્રેશભાઇ કક્કડ (ઉ.વ.૪૭-રહે. કાલાવડ રોડ કોટેચા ચોક, શાંતિ નિકેતન કોલોની બી-૧૮) તથા સંગીતાબેન બેલબહાદુર (ધનરાજ) ચૌધરી-નેપાળી (ઉ.વ.૪૦-રહે. અક્ષર માર્ગ, એડમ સલૂન પાસે)નો સમાવેશ થાય છે. જ્યારે ઇજાગ્રસ્તોમાં મૃતક રાજુભાઇ સાથે રહેલી તેમની ભાણેજ વિરાજબા મહાવીરસિં ખાચર (ઉ.વ.૮)ને ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જ્યારે વિશાલ રાજેશભાઇ મકવાણા (ઉ.વ.૨૮-રહે. રાજમોતી મીલ પાસે ભાવનગર રોડ), સુરજ ધર્મેશભાઇ (ઉ.વ.૪૨-રહે. મેટોડા પાસે) અને નેહાબેન કક્કડ (રહે-રહે. શાંતિ નિકેતન કોલોની બી-૧૮, કોટેચા ચોક)નો સમાવેશ થાય છે. સુરજ અને વિશાલને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યારે નેહાબેનને અન્ય હોસ્પિટલમાં સારવાર અપાઇ હતી. આ બનાવને પગલે ગાંધીગ્રામ પોલીસ ઇન્સ્પેક્ટર એસ. આર. મેઘાણીની રાહબરી હેઠળ સીટી બસના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા કાર્યવાહી કરવામાં આવી હતી.

ઘટનામાં ઘાયલ થયેલાઓની અને સીટી બસના ચાલકની ખબર પુછવા પોલીસ કમિશનર, ધારાસભ્ય સહિતના સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતાં. બસ ચાલક શીશુપાલસિંહ રાણાએ એવુ રટણ કર્યુ હતું કે બસની બ્રેક અચાનક ફેઇલ થઇ ગઇ હતી, પોતે બસને ઉભી રાખવા પ્રયાસ કર્યો હતો પણ તે શક્ય બન્યું નહોતું. જો કે તેણે નશો કર્યો હોવાની ચર્ચા વહેતી થઇ હોઇ પોલીસે તેના બ્લડ સેમ્પલ લેવડાવી તપાસ કરાવવા તજવીજ કરી હતી. બસની બ્રેક ફેઇલ થઇ હતી કે કેમ? તે જાણવા તપાસ હાથ ધરાઇ હતી. પ્રાથમિક તબક્કે એવુ બહાર આવ્યું હતું કે બસચાલકની એક્સીલેટર પર પગ મુકાઇ ગયા બાદ બસની સ્પીડ વધી ગઇ હતી અને બાદમાં તેનાથી બસ કાબુમાં રહી નહોતી અને અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં પોતાના સ્વજનો ગુમાવનારા પરિવારોમાં શોકની કાલીમા છવાઇ ગઇ છે. સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે કરૂણ દ્રશ્યો સર્જાયા હતાં.




**પપ્પા તેડવા માટે સ્કૂલે આવવાના હોઇ સાત વર્ષનો માનવીર રાહ જોતો હતો, બીજી તરફ રસ્તામાં પપ્પા રાજુભાઇ ગીડાને 'પરલોક'નું તેડુ આવી ગયું**

**કોઇ નોકરીએ, કોઇ સ્વીમિંગ માટે જતું હતું, કોઇ જતું હતું લાડકવાયાને તેડવાઃ ચાર લોકોને માટે 'સીટીબસ મોતની સફરે' લઇ ગઇ**

## ચાર હતભાગીમાં ચિન્મયભાઇ ભટ્ટ યુનિવર્સિટીના કર્મચારી, રાજુભાઇ ગીડા મ્યુ. કોર્પોરેશનના કલાર્ક હતાં : સંગીતાબેન નેપાળી સલૂનના કર્મચારી હતાં કિરણબેન કક્કડ પુત્રવધૂ સાથે સ્વીમિંગ કરવા જઇ રહ્યા હતાં

આ ગોઝારા અકસ્માતની વિશેષ માહિતી જોઇએ તો ગોઝારા અકસ્માતમાં મોતને ભેટેલા ૩૫ વર્ષના રાજુભાઇ મનુભાઇ ગીડા એંસી ફુટ રોડ પર સત્યમ્ પાર્ક-૧માં રહેતાં હતાં અને મ્યુ. કોર્પોરેશનની ઢેબર રોડ પરની કચેરીમાં ઓડીટ ક્લાર્ક તરીકે નોકરી કરતાં હતા. તે એક બહેનથી મોટા હતાં. પત્નિ, પુત્ર, માતા-પિતા સાથે રહેતાં હતાં. તેમને સંતાનમાં સાત વર્ષનો પુત્ર મનવીર છે. જે રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે રોઝરી સ્કૂલમાં ભણતો હોઇ સવારે તે દિકરાને સ્કૂલેથી તેડવા માટે પોતાના બાઇક પર નીકળ્યા હતાં. સાથે તેની ભાણેજ બોટાદથી આવેલી વિરાજભાઇ મહાવીરસિંહ ખાચર કે જે આઠ વર્ષની છે પણ હતી. મામા-ભાણેજ બંને સિગ્નલ ખુલતાં આગળ વધ્યા ત્યાં જ બસે ઉલાળી દીધા હતાં. જેમાં મામા રાજુભાઇનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે ભાણેજ વિરાજબાને ગંભીર ઇજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. રાજુભાઇ અગાઉ કોર્પોશેનના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતાં હતાં. હાલમાં તેમની બદલી ઓડિટ વિભાગમાં ક્લાર્ક તરીકે પ્રમોશન સાથે થઇ હતી. એક તરફ દિકરો પપ્પા તેડવા આવે તેની રાહ જોઇ શાળાએ ઉભો હતો તો બીજી તરફ પપ્પાને રસ્તામાં કાળ ભેટી ગયો હતો. ગીડા પરિવારમાં આ ઘટનાથી કલ્પાંત સર્જાયો હતો.

બીજા મૃતક હાથીખાના-૧માં રહેતાં ચિન્મયભાઇ (લાલાભાઇ) હર્ષદરાય ભટ્ટ પચ્ચીસ વર્ષના હતાં. ચિન્મયભાઇ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ક્લાર્ક તરીકે નોકરી કરતાં હતાં. સવારે તે પોતાનું બાઇક લઇને નોકરી પર જવા નીકળ્યા હતાં. પરંતુ કોઇને ક્યાં ખબર હતી કે રસ્તામાં તેમને કાળ ભેટી જશે. ચિન્મયભાઇના પિતા હર્ષદરાય દિનકરરાય ભટ્ટનું એક મહિના પહેલા જ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. જ્યારે તેમના માતા આશાબેનનું છએક વર્ષ પહેલા અવસાન થયું હતું. ચિન્મયભાઇ અપરિણીત હતાં. તેમના મોટા બહેન ઉર્વીબેન કોટક કન્યા વિદ્યાલયમાં શિક્ષીકા તરીકે નોકરી કરે છે. ઉર્વી બેને પહેલા માતા, પછી હજુ એક મહિના પહેલા પિતા અને હવે એકનો એક ભાઇ ગુમાવી દેતાં તેઓ ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા હતાં.

સીટી બસ જેમના માટે કાળ બની ગઇ તે ત્રીજા હતભાગી મૃતક કોટેચા ચોક નજીક શાંતિ નિકેતન કોલોની બી-૧૮માં રહેતાં ૫૬ વર્ષના કિરણબેન ચંદ્રેશભાઇ કક્કડ હતાં. તેઓ સવારે પુત્રવધૂ નેહાબેન જીતભાઇ કક્કડ સાથે તેના ટુવ્હીલરમાં બેસી યુનિવર્સિટી રોડ પર આવેલા સ્વીમિંગ પૂલ ખાતે જઇ રહ્યા હતાં. સાસુ-વહૂનો આ નિત્યક્રમ હતો. ઇન્દિરા સર્કલે સિગ્નલ ખુલતાં બંને આગળ વધ્યા ત્યાં જ પાછળથી સીટી બસની ટક્કર લાગતાં સાસુ-વહુ બંને વાહન સહિત ફંગોળાઇ ગયા હતાં. જેમાં કિરણબેન જમણી તરફ ફેંકાઇ જતાં તેમની માથે બસ ફરી વળી હતી અને પુત્રવધૂ નેહાબેન કક્કડ ડાબી તરફ ફેંકાઇ જતાં તેમને હાથમાં ઇજા થઇ હતી અને બચાવ થયો હતો. કિરણબેનને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવારને અંતે દમ તોડી દેતાં કક્કડ પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. કિરણબેનના પતિ વેપાર કરે છે. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. આ બનાવથી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

જ્યારે ચોથા હતભાગી અક્ષર માર્ગ પર એડમ સલૂન પાસે રહેતાં ૪૦ વર્ષના સંગીતાબેન બેલબહાદુર ચૌધરી-નેપાળી હતાં. મુળ નેપાળના સંગીતાબેન વિધવા હતાં અને હાલ એકલા રહેતાં હતાં. તે ઇન્દિરા સર્કલ પાસે બ્યુટી સલૂનમાં નોકરી કરી ગુજરાન ચલાવતાં હતાં. સવારે નોકરી પર જતી વખતે તેમને અકસ્માત નડ્યો હતો અને મોત થયું હતું. તેને મુકવા જઇ રહેલા સગા સુરજને ઇજા પહોંચી હતી. આમ ચાર પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા હતાં.

### અકસ્માત સર્જનાર બસ FSLમાં મોકલાઇ

દુર્ઘટના બાદ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું કે આ બસ દુર્ઘટનામાં દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવશે જેથી ભવિષ્યમાં આ પ્રકારની કોઈપણ ઘટના ન ઘટે એટલું જ નહીં હવે સીટી બસ ડ્રાઈવરોની ભરતી રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ જ કરવામાં આવશે. વધુમાં એ વાત ઉપર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે નિર્લજ ડ્રાઈવરે કેફી પીણું પીધું હતું કે કેમ તે માટે હાલ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જે બસે આ ઉપરાંત અકસ્માત સર્જેલ છે તેની બ્રેક ફેઈલ હતી કે કેમ, ડ્રાઈવરે નશો કર્યો હતો કે કેમ સહિતની બાબતોની ચકાસણી કરવામાં આવી રહી છે. તેમજ અકસ્માત સર્જનાર આ બસને એફએસએલમાં મોકલવામાં આવી છે. અહીં પણ ઉલ્લેખનીય છે કે સીટી બસની આ એજન્સીની બેદરકારી સબબ રૂા. ૧૦ કરોડ જેટલી રકમ મ્યુનિ. કોર્પો. દ્વારા અટકાવી દેવામાં આવી છે. જે બાદ હવે આ બસ દુર્ઘટના બાદ આવી ઘટના શહેરમાં ફરી ન સર્જાય તે માટે દાખલારૂપ પગલા લેવાની જાહેરાત પણ મ્યુનિ. કમિશનર દ્વારા કરી દેવામાં આવી છે.

### અકસ્માત સર્જનાર ડ્રાઈવરને લોકોએ માર મારી કર્યો બેસુધ

ઈન્દિરા સર્કલ પાસે ગઈકાલે જે સીટી બસ ચાલકે બે ફાર્મ પુરપાટ લોકોને કચડી નાખ્યા તે બાદ સ્થાનિક ઊભેલા લોકોએ બસ ડ્રાઈવરને બેફામ માર્યો હતો એટલું જ નહીં જ્યાં સુધી તે બેસુદ ન થયો ત્યાં સુધી તેને મારવામાં આવ્યો કારણ કે આ ડ્રાઈવર દ્વારા ચાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ ઘટના નજરે જોનાર લોકોએ યમદૂત બની આવેલા બસ ચાલકને બસમાંથી બહાર ખેંચી નીચે ઉતારી ટોળાએ ઢીકાપાટાનો બેફામ માર માર્યો હતો. લોકોના મારથી બસ ચાલક બેભાન થઈ જતા સારવારમાં ખસેડાયો હતો તેમજ લોકોએ બસમાં પણ પથ્થરમારો કરી તોડફોડ કરી કાચ તોડી નાખ્યા હતા.

### બસમાં કોઈ બ્રેક ફેલ થઈ ન હતી : RTO

ગઈકાલે જે ગોજારો અકસ્માત થયો તેમાં સિટી બસના કંડક્ટરે અધિકારીઓને જણાવ્યું હતું કે બસમાં બ્રેક ફેલ થઈ જતા આ દુર્ઘટના ઘટી જે બાદ આરટીઓની ટીમ તાકીદે ઘટના સ્થળે દોડી આવી હતી અને બસ નું અવલોકન કર્યું હતું જેમાં ચોકાવનારી વાત તો એ માલુમ પડી કે બસમાં કોઈ બ્રેક ફેલ થઈ ન હતી અને કોઈપણ પ્રકારની ટેકનિકલ ક્ષતિ પણ સર્જાણી ન હતી જેથી એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે બસ ડ્રાઈવરનો જ સંપૂર્ણપણે વાંક છે. એટલું જ નહીં બસની મિકેનિકલી તપાસ શરૂ કરી હતી.જે મામલે આરટીઓ અધિકારી જે.એમ.ખપેટે જણાવ્યું હતું કે, તપાસમાં બસ મિકેનિકલી ફિટ હતી અને બ્રેક પણ ફેઈલ ન હતી. જેથી બસ ચાલક જ આરોપી હોવાનું પ્રાથમિક સામે આવ્યું છે.

### તપાસ કરશો કહી આપ્યો દિલાસો

જ્યારે જ્યારે કોઈ દુર્ઘટના ઘટે છે ત્યારે માત્ર તપાસના જ આદેશ આપવામાં આવે છે પરંતુ તપાસ નો રિપોર્ટ ક્યારે પ્રજા સમક્ષ મૂકવામાં આવતો નથી ત્યારે મહાનગરપાલિકાના ઈતિહાસમાં જવાબદારો સામે પગલાં પણ લેવામાં આવ્યા નથી ત્યારે ફરી વખત તપાસ કરવામાં આવશે તેવું કહી પોતાની જાતને દિલાસો મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓએ આપ્યો છે. સિસીટીવી ફુટેજના આધારે પણ તપાસ હાથ ધરાશે અને જેની જવારબદારી સાબીત થશે તે અધિકારી અથવા એજન્સીના માણસો વિરૂદ્ધ આકરા પગલા લેવામાં આવશે તેમ જણાવી તંત્રએ આ દુઘર્ટનાને ઢાકી દેવાનો પ્રયાસ કર્યો હોય તેવુ લાગી રહ્યું છે.

# હપ્તો ઉઘરાવાનું બંધ કરી બજાવે ફરજ તો દુર્ઘટના અટકશે : લોકોનો આક્રોશ

## શહેરના મુખ્ય માર્ગ પર સવારથી લઈ સાંજ સુધી ભારે ટ્રાફિકની સમસ્યાઃ પરંતુ તેને દૂર કરવા માટે એક પણ કર્મચારી જોવા મળતો નથી આ તો કોને કેવું?

રાજકોટ, તા. ૧૬
શહેરમાં જે રીતે ઘટનાઓ ઘટી રહી છે તેને ધ્યાને લઈને હવે તંત્રએ નક્કર પગલા લેવા ખૂબ જરૂરી છે જો તંત્ર માત્ર કેવા પૂરતી જ કામગીરી કરશે તો આ દુષણ અનેક ને ભરખી જશે. કારણ કે જ્યારે તંત્રની જરૂરિયાત શહેરના વિકાસ માટે હોય ત્યારે વિભાગ દ્વારા ઘણી એવી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે કે જે શહેર માટે યોગ્ય ન હોય. મહત્વનું એ છે કે ગઈકાલે રાજકોટ શહેરમાં જે બસ દુર્ઘટના ઘટી તે સમયે સમગ્ર પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. શું કામ તો કે ઘટના ઘટી એટલે પરંતુ સામાન્ય દિવસોમાં જે ટ્રાફિક પોઈન્ટ છે તેને લઈ કોઈ ટ્રાફિકના જવાનો જે તે જરૂરી જગ્યા પર જોવા મળતા નથી અને ટ્રાફિકનો પ્રશ્ન સૌથી વધુ સતાવતો હોય છે. કારણ કે લોકો માની રહ્યા છે અને જાણકાર વર્તુળો ચર્ચા કરે છે કે જે સમયે ખાસ એવી જરૂરિયાત ટ્રાફિક વિભાગની હોય ત્યારે તે વિભાગના કર્મીઓ નાણા ઉસેડવામાં વ્યસ્ત હોય છે તો ક્યાંથી તે પ્રજાનું રક્ષણ કરે.

આ તમામ મુદ્દે હવે ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે આ માટે રાજ્ય સરકારની સાથોસાથ સ્થાનિક પ્રશાસને પણ ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જરૂરી છે જો આ કરવામાં તંત્ર ક્યાંય નિષ્ફળ નીકળશે તો તેની સીધી જ અસર સ્થાનિકો પર પડી શકે છે. હાલ જરૂરી એ છે કે, આ અંગે યોગ્ય ડિસિપ્લિન કેળવવામાં આવે માત્ર પોલીસ વિભાગ જ નહીં પરંતુ અન્ય તમામ વિભાગોની જો વાત કરવામાં આવે તો તેમના દ્વારા જે કામગીરી કરવામાં આવે છે તે ૧૦૦% નથી હોતી અને પરિણામ સ્વરૂપે લોકોએ ઘણી તકલીફ અને હેરાનગતિનો સામનો કરવો પડે છે. માત્ર ડિજિટલ સિગ્નલ રાખી દેવાથી ટ્રાફિકની સમસ્યા નો નિવેડો આવે તે જરૂરી નથી જો ત્યાં એક પણ ટ્રાફિક પોલીસનો કર્મચારી ઊભો હોય તો સિગ્નલ તોડવાની હિંમત કોઈપણ રાહચાલક




રાહદારી ન જ કરે તે વાત સો ટકા સાચી કારણકે તેને મનમાં એક વાતનો જ ડર હોય છે કે જો તેના દ્વારા કોઈ પણ પ્રકારની ગતિવિધિ કરવામાં આવશે તો તે દંડિત થશે અને આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને જ હાલ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

પરંતુ ના કર્મચારીઓને તો માત્ર હપ્તો ઉઘરાવવામાં જ મજા આવે છે સાચી કામગીરી તો કરવી હોય તો કરવાની બાકી સાચું કામ શું? તો કે નાણા ઉઘરાવવાના. એ કાર્ય પૂર્ણ થયા બાદ જ કર્મચારીઓ પોતાની ફરજ પર પરત ફરતા હોય છે. બીજું સૌથી મોટું કારણ એ છે કે વિકાસશીલ રાજકોટમાં હાલ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તે સૌથી મોટો પ્રશ્ન ટ્રાફિક સમસ્યાનો છે કારણ કે ટ્રાફિક પોલીસ તેને નિવારવામાં ઘણાખરા અંશે નિષ્ફળ નિવરી છે જો ટ્રાફિક બ્રિગેડ અને ટ્રાફિક કર્મચારીઓ યોગ્ય રીતે તેની ફરજ બજાવે તો આ પ્રકારની દુર્ઘટના ન ઘટે પરંતુ ન જેવી બાબતમાં વાહન ચાલકોને ઉભા રાખી હેરાન કરવા અને તેની પાસેથી રૂપિયા પડાવવા સિવાયનું જો યોગ્ય કામ ટ્રાફિક કર્મચારીઓ દ્વારા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે આના માટે ખરા અર્થમાં નક્કર કામગીરી અને નક્કર વ્યવસ્થા ઉભી કરવી અત્યંત આવશ્યક છે. તજજ્ઞોના જણાવ્યા અનુસાર રાજકોટમાં આ અંગેનું એક પણ પ્રકારનું શિષ્ટ ટ્રાફિકના કર્મચારીઓમાં જોવા મળતું નથી અને લોકોમાં એ વાતનો ડર પણ નથી કારણ કે સિગ્નલ જમ્પ કરવા માં લોકો એટલા રાજી થતા હોય છે કે જેની સીમા નહીં જાણે કેમ દરેક લોકોને કામ પૂરું કરવા માટે ઉતાવળ હોય ત્યારે બંધ સિગ્નલમાં પણ તેઓ સિગ્નલ જમ્પ કરીને વયા જાય છે જે અકસ્માત સર્જવા માટેનું સૌથી મોટું કારણ છે. બીજું સૌથી મોટું કારણ એ છે કે રાજકોટના અનેક પ્રમુખ સ્થાનો છે કે જ્યાં સવારથી સાંજ સુધી ભીડ જોવા મળતી હોય છે પરંતુ તેનું નિયંત્રણ કરવા અને તેને કાબૂમાં લેવા જે ટ્રાફિકના કર્મચારીઓએ આગળ આવવું જોઈએ તે ત્યાં સ્થળ પર જ જોવા મળતા નથી અને લોકોને ભારે તકલીફ અને હાલાકી વેઠવી પડે છે.